# ✿ અનુક્રમણિકા ✿


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| અ—ગતિમાં પ્રગતિ | ડો. પ્રકાશ ગજ્જર | ૧૧ |
| સંત મળ્યા સદ્‌ભાગ્ય ઠર્યા, જન્મમરણના ફેરા ટળ્યા. | મા સર્વેશ્વરી | ૧૬ |
| મા અમારી પ્રકાશિત પગદંડી | પ્રા. ડો. અરુણા ઠાકર | ૧૯ |
| પૂ. શ્રીની સ્વપ્નસૃષ્ટિ મારી દૃષ્ટિએ | અજય યાત્રી | ૨૩ |
| આ સાયકલ યાત્રાની વિશેષતા | નારાયણ હ. જાની | ૨૫ |
| સિંહણબાળાઓની સાઈકલ યાત્રા | ડો. બી. જે. જાગાણી | ૨૮ |
| સાધનાદિનના આંકડા | — | ૪૩ |
| સાધના—દિન | — | ૪૬ |
| એક નાના છતાં ભાવપૂર્ણ બાળકનો પૂ. માને અદ્‌ભુત પત્ર | આદિત્ય | ૪૮ |
| તમે ભગવાન છો? | ડો. મયૂર પંડ્યા | ૫૩ |
| પુનઃ આવજો. | તંત્રી | ૫૪ |
| તમારે ભગવાન કે ભગવાનના સગાં થવું છે? | કલ્યાણ | ૫૫ |


○

## ❁ અભિનંદનીય સહાય ❁

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું 'અધ્યાત્મ' માસિક અમને ૨૫ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

—શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર
ટોરન્ટો, કેનેડા.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૬ માર્ચ–૨૦૦૫ અંક ૬

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૯–૧૧–૮૧ સોમવાર, કારતક સુદ બારસ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટા આના, અમેરિકા.**

આ ત્રીજુ દેશદર્શન છે. વિવિધ દેશ, વિવિધ વેશ, વિવિધ ભાષા ને વિવિધ વિચારસરણી! ક્યાંયે મન ઠરે નહીં. કાયમ માટે વસવાટ કરવાનું તો ભાગ્યે જ રૂચિકર લાગે. ભૌતિક સુખસંપત્તિ વચ્ચે વસનાર માનવ પોતાના સંસ્કારોને ભૂલી જતો જોવા મળે છે.

ઈશ્વરની ઈચ્છા મુજબ જ્યાં જ્યાં ઉતરવાનું થાય છે ત્યાં ત્યાં ભાવના, શ્રદ્ધા, સેવા ને પવિત્ર આચાર વિચારવાળા ભાઈઓ મળી રહે છે. આ અમેરિકાના પ્રથમ ઉતારાના યજમાન પણ સત્સંગી, સેવાભાવી ને શ્રદ્ધાળુ છે. ગઈકાલે જ એમણે સર્વેશ્વરીને કહ્યું, 'આ તમારું જ ઘર છે એમ માની જે જે જોઈએ તે તે કહેવું. સંકોચ ના રાખશો.' વળી પૂ. શ્રીનાં કપડાં

ધોવાની સેવા પણ એઓને મળે એવી ભાવનાભરી વિનંતિ પૂ. શ્રીને કરી. પણ પૂ. શ્રી તો દરરોજ પહેરવાનાં કપડાં જાતે જ ધોઇ નાંખે છે એટલે, મોટાં કપડાં આપીશું, એમ કહી પૂ. શ્રી તેમને થોડો સંતોષ આપે છે.

પૂ. શ્રી સવારે પોતાના ક્રમમાંથી નિવૃત્ત થઇ લેખનકાર્ય શરૂ કરે છે. શ્રીકંચનબેન દૂધ લઇને આવે છે. ત્યારે પૂ. શ્રીને તથા સર્વેશ્વરીને પ્રણામ કરે છે. પૂ. શ્રી પોતાના લેખનકાર્યમાં મગ્ન હોય છે. જેથી કોઇ વાતચીત થતી નથી.

સાડા અગિયારે સર્વેશ્વરી પણ પોતાની માળા, પાઠ, ડાયરી લેખન વગેરેમાંથી નિવૃત્ત થાય છે. આજે ખીચડી ને શાકની જ યોજના ભોજન અંગેની હતી. જેથી સામે યજમાન પરિવારના સ્થાનમાં તે બનાવવાની શરૂઆત થઇ. પૂ. શ્રીએ પોતાના હાથે ખીચડી મુકવાની વાત વિચારી, જેથી થોડી વાર રસોડામાં પૂ. શ્રીએ મદદ કરી. પછી બેઠક રૂમમાં શ્રીકંચનબેન, શ્રીભગવાનજીભાઇ વગેરે સાથે સત્સંગની વાતો શરૂ થઇ. ભગવાનજીભાઇએ ધ્યાન સાથે કયો મંત્ર જપવો એ અંગે માર્ગદર્શન મેળવ્યું. ત્યાં વળી ભોજનની વાત નીકળતાં પૂ. શ્રીએ કહ્યું, ‘‘ખચડી બનાવવી એ પણ એક સાધના જ છે. તો દાતણ કરવું એ પણ સાધના છે. દાતણ કરતાં કરતાં વિચાર આવે કે આપણા મુખમાં કેટલી બધી મલિનતા છે. સંડાસમાં જવું એ પણ સાધના. આ જીવતું શરીર જ સંડાસ જેવું. બધો જ મળ થોડો બહાર નીકળે છે? અંદરખાને તો એ ગંદકીનું ઘર છે. તો એ વિચારથી શરીરના આકર્ષણો દૂર થાય. આંખ બંધ કરીને બેસીએ તો જ સાધના છે એવું નહીં. સમસ્ત જીવન સાધના થઇ જાય છે.’’



વળી શ્રી હીરાભાઇ પણ આજે પૂ. શ્રીના સત્સંગનો લાભ લેવા આવ્યા હતા. તેમણે માતાજીના મંત્રોની વાત શરૂ કરી.

પૂ. શ્રી : બીજમંત્ર સાથે જ કોઇ મંત્ર જપવો હોય તો ચંડીપાઠનો નવ્વાણું મંત્ર જ સરળ છે. તે જ જપો. અને એની પાછળ નમઃ લગાડવાની જરૂર નથી. ટ્રેઇન નાની છે એટલે એક જ એન્જીન પૂરતું છે.

વળી ગાયત્રી મંત્ર સાત વાગ્યે જ જપવાનો એવા પ્રચાર અંગેના પ્રશ્નના જવાબમાં પૂ. શ્રીએ કહ્યું, ‘‘સાતને નહીં પણ સૂર્યોદય ને સૂર્યાસ્તના સમયને વળગી રહો. નિયમોમાં પણ બહુ જડતા ન હોવી જોઇએ. એનો મર્મ પકડાવો જરૂરી છે.

પછી પૂ. શ્રીએ ગાયત્રીમંત્રની વિસ્તૃત સમજ આપી. ત્યાર પછી તે ભાઇએ ‘પ્રકાશના પંથે’માં ‘દક્ષિણેશ્વરની દેવી’ના અનુભવની વાત શરૂ કરી. તેના જવાબમાં પૂ. શ્રીએ કહ્યું, ‘હા, એવા અનુભવો થાય છે. પ્રભુની કૃપાના અનુભવો થાય છે. અમે સોમનાથના દર્શને ગયા હતા. ત્યારનો અનુભવ તમે કહો તો. (એમ કહી પૂ. શ્રીએ સર્વેશ્વરીને એ અનુભવ કહી સંભળાવવાની સૂચના આપી). જેથી સર્વેશ્વરીએ પોતાનો સોમનાથની યાત્રામાં થયેલો અનુભવ કહી સંભળાવ્યો. વળી પૂ. શ્રીએ ઋષિકેશમાં મળેલા મજૂરનો અનુભવ કહી સંભળાવ્યો. પછી થોડી ‘અધ્યાત્મ’ માસિકની, થોડી પ્રવચનના આયોજનની વાતો કરી.’’

આજે પૂ. શ્રીએ બે વાગ્યે ભોજન લીધું. ભોજન લેતાં લેતાં પૂ. શ્રી આનંદ કરાવતા હતા. કંઇક ને કંઇક નવી નવી લીટીઓ ગાઇને આનંદથી ભોજન લીધું. ભોજન બાદ આરામ.

આજે ‘સુંદરકાંડ’ પૂરો થતો હતો. તેનું સારા અક્ષરે લખાણ

કર્યું. 'લંકાકાંડ'ની શરૂઆત કરી. લેખન બાદ પૂ. શ્રીએ પોતાની સાંજની પ્રાર્થના નિયમિત રીતે કરી લીધી.

આજે પ્રવચન ૫૫ માઈલ દૂર હતું. સાન્ટાએના આ શહેર-નું નામ, એની પાસે જ આલ્હામ્બ્રા નામનું શહેર. ત્યાં ૧૮૬૧, વેસ્ટ મેઈન સ્ટ્રીટ, શ્રી છગનભાઇ ભક્ત, શ્રી રામ-કબીર ભક્ત સમાજના પ્રમુખે પ્રવચનનું આયોજન કર્યું હતું.

ઉતારાના સ્થળેથી ૬.૦૦ વાગે નીકળી જવાનું બન્યું. અમેરિકામાં ગાડીની ઝડપ ૫૫ માઇલ રાખવાનો નિયમ છે. જેથી ધીમી ગતિએ પણ ગાડી ત્યાં સમયસર પહોંચી ગઇ. એ સ્થળમાં જ્યાં પ્રવચન હતું ત્યાં પહોંચવાનું બન્યું. શ્રી છગનભાઇએ હાથ જોડી પૂ. શ્રીનું અભિવાદન કર્યું. સ્થળ ઉપર બે બેઠકો લીલા રંગની તૈયાર હતી. એક બેઠક સોફા ઉપર હતી એની પાસે એક બેઠક બીજી પણ હતી. ત્યાં બેસવાનું બન્યું.

પૂ. શ્રીએ આવનાર શ્રોતાઓ પૈકી કોઇકને ભજન ગાવાનું કહ્યું, જેથી એક બેને ભજન ગવડાવ્યાં. તે દરમ્યાન પૂ. શ્રીનું તથા સર્વેશ્વરીનું તિલક ને ફૂલહારથી સ્વાગત થયું. વળી એક બીજાં બેન પણ પૂ. શ્રીને તથા સર્વેશ્વરીને ફૂલોના હાર અર્પણ કરીને ત્રણ ત્રણ વાર પ્રણામ કરે છે. શ્રોતાઓમાં વૃદ્ધ સ્ત્રી–પુરુષો પણ આવ્યાં હતાં. તે સૌએ વારાફરતી આવીને પૂ. શ્રીને તથા સર્વેશ્વરીને પ્રણામ કર્યા. પ્રવચન શરૂ થતાં પહેલાં શ્રી છગનભાઇએ પ્રાસંગિક બે બોલ કહ્યા, ત્યાર પછી પ્રવચન શરૂ થયું.

પૂ. શ્રીનું આજનું પ્રવચન એક જ વાક્ય પર હતું. જે શ્રીમદ્ રાજચંદ્રનું હતું. જેના શબ્દો આ પ્રમાણે હતા, 'જેહ



સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત'. પૂ. શ્રીએ, જે સ્વરૂપને ન સમજે તેના જીવનમાં શાંતિ નથી, એ મુદ્દાની છણાવટ કરતાં કબીર સાહેબનો દાખલો આપે છે. પ્રવચનને અંતે પૂ. શ્રીએ સર્વેશ્વરીને ભજન ગવડાવવાની સૂચના કરી. સર્વેશ્વરીએ ભજન, ધૂન ગવડાવ્યાં.

ત્યાર બાદ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ શરૂ થયો. એક ભાઇએ પૂ. શ્રી પાસે ગાયત્રીની ઉપાસનામાં વધુ ને વધુ આગળ વધી શકાય તે માટે આશીર્વાદ માગ્યા.

પૂ. શ્રી : સારા કામમાં પ્રભુના આશીર્વાદ હોય છે. એ ઉપાસના જ્યાંસુધી જેની ઉપાસના કરીએ તેનું દર્શન ન થાય, ત્યાંસુધી ચાલુ રાખવી જોઇએ.

તે ભાઇ : આપને એવી કોઇ શક્તિનાં દર્શન થયાં છે?

પૂ. શ્રી : હા. મેં વસસોસુધી ઉપવાસ કર્યા. એક વાર ૩૧ દિવસ પાણી ઉપર ઉપવાસ કર્યા ત્યારે મા જગદંબાનું પોણો કલાકસુધી દિવ્ય દર્શન થયું. પછી તો ઘણી વાર દર્શન થયાં. અને ૧૯૬૦ થી મા જગદંબા મારી સાથે ૨૪ કલાક દર્શન આપીને સાથે રહે છે.

ત્યાં એક બેન પૂ. શ્રીને પ્રશ્ન પૂછે છે : આપનું 'પ્રકાશના પંથે' પુસ્તક મેં વાંચ્યું. એમાં મેં આપ પૂર્વજન્મમાં કોણ હતા તે જાણ્યું. પણ મા સર્વેશ્વરી પૂર્વજન્મમાં કોણ હતાં તે મારે જાણવું છે.

પૂ. શ્રી : સારો જ જન્મ હતો. તપસ્વીની, સાધ્વીનું જીવન. તો જ એવા સંસ્કારો હમણાં પણ જાગે ને!

તે બેન : મેં ગઇકાલે મા સર્વેશ્વરીને જોયાં ત્યારથી મારો આત્મા એમ કહ્યા કરે કે આ શારદામણીનો આત્મા છે. મારા

હૃદયમાં એમ જ થયા કરે છે. મેં ગઇકાલે કંચનબેનને ત્યાં શારદામણીદેવીનો ફોટો જોયો ત્યારથી મને એમ જ થયા કરે છે.

પૂ. શ્રી : તમારા હૃદયમાં જે પડઘા છે તે સારું ગણાય.

એમ કહી પૂ. શ્રીએ કપૂરામાં વીણાબેનને થયેલો અનુભવ કહી સંભળાવ્યો. અને કહ્યું, ‘મા સર્વેશ્વરી ઉપર મેં ૨૦૦ પાનાનું પુસ્તક પણ લખ્યું છે. તેમાં મને કેવા અનુભવો થયા તે અને મેં એમના જીવનને જે રીતે જોયું તે લખ્યું છે.’

તે બેન : તે પુસ્તક અહીં લાવ્યા છો?

પૂ. શ્રી : ના. તે તો હજી છપાયું પણ નથી.

એ પૂછનાર બેનમાં ઘણી હિંમત હતી એવું લાગ્યું, કારણ જાહેરમાં એ વાત પૂછવી ને જણાવવી એ જરા આશ્ચર્ય પમાડે એવું છે. એ બેન બારડોલી તાલુકાની પાસે ઓરણા નામનું ગામ છે ત્યાંનાં છે. તે બેન (મણીબેન) સર્વેશ્વરીને પ્રથમ વાર જ મળે છે. પ્રભુ કોને, ક્યારે, કેવું જ્ઞાન આપે એ તો એ જ જાણે.

પ્રશ્નોત્તરીના આજના કાર્યક્રમમાં સર્વેશ્વરીએ પૂ. શ્રીની દિનચર્યા વિશે નાનકડો વાર્તાલાપ આપ્યો. પ્રશ્નોત્તરી બાદ આભારદર્શન થયું. આવતી કાલના પ્રવચનના સ્થળ ને સમયની જાહેરાત થઇ. ત્યાર બાદ થોડા ભાઇબેનો પૂ. શ્રીને પ્રણામ કરવા આવ્યા ત્યારે પેલાં બેને પૂ. શ્રીને, પોતાને ત્યાં જ હવે આવો ત્યારે ઉતરવું, ભોજન વગેરેની આમંત્રણ આપતી વિનંતિ કરી.

અહીં પૂ. શ્રીના આગમનની વાત રેડીયો ઉપર પણ જાહેર થઇ હતી. જેથી આજે મુંબઇના એક ભાઇબેન સાત વરસ ઉપર પૂ. શ્રીને મળ્યા હતાં તે જાહેરાત સાંભળી મળવા આવ્યાં હતાં.

સૌની વિદાય લીધી. આજે કપૂરાના ઘણાં ભાઇબેનો



મળ્યાં. ફરીથી એકાદ કલાક જેટલી લાંબી મુસાફરી કરી ઉતારા ઉપર આવી ગયા. માર્ગમાં આવતા અઠવાડિયે ૫૦૦ માઇલ દૂર જે શહેરમાં જવાનું છે, તે સાનફ્રાન્સીસકોની વાત નીકળી. ત્યાં ઉતારા, આહાર, વિહારની સ્વચ્છતા વગેરેની વાતો થઇ. પૂ. શ્રીએ વિચાર્યું કે આપણી પાસે નાની સગડી હોય તો જ્યાં ઉતર્યા હોઇએ ત્યાં જ જાતે ભોજન બનાવી શકાય. એના અનુસંધાનમાં શ્રી ભગવાનજીભાઇએ કહ્યું કે, એ વ્યવસ્થા કરીશું ને વાસણ પણ આપણાં લઇ જઇશું. વળી જ્યાં ઉતારો છે ત્યાં કોઇ અગવડ પડે એવું જણાય તો ભાડે કોઇ મોટલમાં રહીશું, એની ચિંતા ન કરો.

પૂ. શ્રીનાં પ્રવચનો સારી રીતે થાય, જનતા લાભ લે ને પૂ. શ્રીની પણ બધી જ સગવડ સચવાય એ માટે શ્રી ભગવાનજીભાઇ જાણે બધું જ કરી છૂટવા તૈયાર છે. પોતે ત્યાં ગાડી લઇને આવીને રહેશે, એ પણ એમણે વિચાર્યું છે. કેવી ભાવના છે!

વિદેશમાં આટલે દૂર વસીને ધર્મની ભાવના ટકાવી રાખવી એ જ ઘણું મોટું તપ છે. પૂ. શ્રીની સર્વપ્રકારે સેવા કરવાની તૈયારી એમનામાં જોવા મળે છે. ધન્ય છે! પ્રભુ સુયોગ્ય સ્થાને સુયોગ્ય સેવાભાવી વ્યક્તિની વચ્ચે જ લાવે છે. એ પણ પ્રભુ તારી કૃપા છે.

તારી કૃપા અનંતગણી ઉતરે એવી પ્રાર્થના. ઉતારા ઉપર આવી દૂધ પી આરામ કર્યો. હરિઃ ૐ. (ક્રમશઃ)

# અ—ગતિમાં પ્રગતિ

ડૉ. પ્રકાશ ગજ્જર

[જાન્યુઆરી–૨૦૦૫ ના અંકના 'યાત્રાનો આરંભ બેસવાથી' લેખના અનુસંધાને]

જેમની પાસેથી હું યોગવિદ્યાનાં વરદાન પામ્યો એ મારા બ્રહ્મલીન ગુરુદેવ 'બેસવું' એટલે 'સમાધિસ્થ થવું' એવો અર્થ કરતા. એક નવા મિત્રને મેં દસપંદર મિનિટ બેસવાની સલાહ આપી તો એ કહે : ''એવું શરૂ કર્યા પછી સમાધિ કેટલી મિનિટ-માં લાગે?'' મારી પાસે બે જવાબ હતા : જલદ અને પ્રેરક. મેં એમને પ્રેરક જવાબ જ આપ્યો. ઉતાવળ કરવાને બદલે સહજતાથી આગળ વધવાની સલાહ આપતાં મેં કહ્યું : ''બેસવું કેવી રીતે એની પ્રારંભિક વાતોમાં મેં શરૂઆત કેવી રીતે કરવી એ બતાવ્યું છે. તમે જો એકડો પણ ના ઘૂંટો, ને મીંડામાં જ મતવાલા થઇ રહો તો નવડા લગી કેવી રીતે પહોંચાશે? ક્યાંકથી શરૂઆત તો કરવી જ પડશે ને?''

આસનનિષ્ણાતો તમને ૧૦૮ પ્રકારનાં પદ્માસન વિષે પ્રવચન આપી શકે ને વીસ વીસ પ્રકારનાં ઉદાહરણ પણ પ્રત્યક્ષ બતાવી શકે. પછી ત્યાં મીંડું વળી જાય. આસન યોગનો સ્થૂલ પાયો છે, શિખર નથી. શવાસન જો કાર્યસિદ્ધ કરે તો એ પણ શ્રેષ્ઠ છે.

આંખો બંધ કરવી એ પણ એક કળા છે. હમણાં 'યોગજર્નલ' નામનો એક સરસ અમેરિકન પત્રિકામાં આંખો બંધ કરવા વિષે મેં એક વિસ્તૃત લેખ વાંચ્યો. એમાં બંધ પાંપણોના વીસેક વિવિધ ફોટા આપ્યા હતા. મારું મગજ ચકરાઇ ગયેલું. લેખ માહિતીસભર હતો. વૈજ્ઞાનિક સમજ પણ



સારી હતી. પણ આખરે શૂન્ય.

એમ.બી.એ. થયેલા માણસો ઝૂંપડપટ્ટીમાં અને ગામડાંમાં પણ મળી આવે છે એની તમને ખબર છે? એમ.બી.એ. એટલે 'મને બધું આવડે' મને લાગે છે કે આપણ સહુમાં એ 'ઉપાધિ' વત્તેઓછે અંશે ડોકિયાં કરતી હોય છે. આપણને કલ્પના પણ ન આવે એ રીતે એનો ઉપદ્રવ વધતો જાય છે. બેસવાનું? આવડે છે. આંખો બંધ રાખતાં? આવડે છે. ધ્યાન? આવડે છે. અનુભવ? માણસ પ્રામાણિક હોય તો મૌન રહે. ને જાતછેતરામણીની કળામાં પાવરધો હોય તો કહેશે કે અનોખો આનંદ આવે છે.

હું જ્યારે કોઇને પ્રયાસપૂર્વકની તંદ્રાના પ્રયોગમાં લઇ જાઉં ત્યારે બેચાર સૂચન અવશ્ય આપું. હાથની મૂઠ્ઠી સજ્જડ વાળવાની ને પછી ખોલવાની. ડોકને કડક કરવાની ને પછી સામાન્ય સ્થિતિમાં લાવવાની. પગને તાણીને લંબાવવાના ને સહજ કરવાના.

બે ભ્રમરો વચ્ચે આપણને સખત ખેંચાણ હોય છે તેને પ્રયત્નપૂર્વક વધારવાનું. પછી એ ખેંચાણને 'વેરી' નાંખવાનું અને કપાળ પરની ને ભ્રમરો વચ્ચેની કરચલીઓને પ્રયાસપૂર્વક વિખેરી નાંખવાની.

પાંપણોને અને પ્રાણશક્તિને ગાઢ અને ગૂઢ સંબંધ હોય છે. એક ઓસ્ટ્રેલિયન નાગરિક આજથી સાઠ વર્ષ પહેલાં સંન્યાસી થયેલા. નામ સ્વામી અઘેડાનાનંદ. તંત્રવિજ્ઞાનમાં એ ઘણા ઊંડા ઊતરી ગયા હતા. એ ગરદનને વ્યવસ્થિત રીતે ગોઠવવા માટે મધ્યયુગીન યોગીઓની પવનપાવડીનો ઉપયોગ કરતા. જરૂર પડ્યે કરોડરજ્જુની પાછળ લાકડીવાળું આસન ગોઠવતા.

એનાથી પીઠનો ઉપરનો ભાગ વ્યવસ્થિત રહેતો. સ્વામીજી પ્રત્યેક સાધક માટે વ્યક્તિગત આસન બનાવડાવતા. પોતે સામે બેસે ને દરેકને ક્રમશઃ સમજાવે. પરિણામ એવું સુંદર આવતું કે બેસનારનો શ્વાસ સહજ બની જતો. તનનો તનાવ અને મનની અકડજકડ ઓગળી જતી. વિચારના વંટોળ આપોઆપ શમી જતા. બહારનું ને ભીતરનું હવામાન હરિયાળુ બની જતું. વ્યાખ્યાને પારની સજગતા છલકાવા લાગતી. નવા લોકોને લાગતું કે સ્વામીનું કાષ્ઠાસન અને પવનપાવડી ચમત્કારિક હતાં. વાસ્તવમાં એ ચમત્કાર 'બેસવાનો' જ હતો.

શિથિલતા આમ તો વરવા અર્થવાળો શબ્દ છે. પણ યોગના પ્રયોગોમાં એનો ઉપયોગ હળવાશ, શાન્તિ, નિરાંત, ખેંચાણનો અભાવ વગેરે અર્થમાં કરવામાં આવે છે. એવી આયોજિત શિથિલતા—અથવા તો શિથિલીકરણ—તત્કાળ અનુભવો આપી શકે.

હમણાં હમણાં હું મારાં મિત્ર પ્રવીણભાઈ દેઢિયાને ત્યાં દર રવિવારે સવારે જાઉં છું ને એમની સાથે એમનાં બે બાળકો જય અને સલોનીને જીવનકળાની સાદી સમજણ આપું. ૐકારગુંજન, ઊંડા શ્વાસ, બેચાર સાદાં આસન, વિચારશક્તિના સરળ પ્રયોગ, આત્મસંકેત ને એવી એવી અતિસાદી પ્રક્રિયાઓ કરીએ. મજા આવે. એક કલાક ક્યાં વીતી જાય એની ખબર ના પડે.

હવે આશ્ચર્યની વાત કહું. જય અને સલોનીને હું આંખો બંધ કરીને, અવાજ વગર મંદ મંદ સ્મિત કરવાનું કહું. પહેલાં હું નાટ્યાત્મક પ્રયોગ કરી મારા ચહેરાને ઢીલો બતાવું. પછી બંધ હોઠે હસવાનું બતાવું. એવો જ પ્રયોગ જય કરે. ખરી મજા



સલોનીના પ્રયોગ વખતે આવે. જાણે કે ભીતરમાં કોઈ અનેરો આનંદ માણતી હોય એમ એ માધુર્યમગ્ન દેખાય. ભારે મજા આવે.

ચાલીસ વરસ પહેલાં મેં આવા પ્રયોગોમાં વધારે ઊંડા ઊતરવા માંડેલું. વિશેષ પ્રાણાયામ દ્વારા જેમ શ્વાસને કોઈ પણ ચક્રે સ્થિર કરી શકાય તેમ આનંદ, પરમ આનંદ અને દિવ્યાનંદ વચ્ચે કોઈ પણ કક્ષાએ આપણે મનને સ્થિર કરી શકીએ. એ સાચું છે કે શ્વાસની ગતિ ઉપર તો થોડુંય નિયંત્રણ લાવી શકાય. પણ મન વિષે એમ કરવું મુશ્કેલ છે. અશક્ય નથી. ભારપૂર્વક કહીશ કે અશક્ય નથી જ. અહીં દલીલથી કામ નહીં લેવાય. માત્ર બેસવાથી આરંભ કરવાનો છે. પછી તો નિષ્ઠા જોઈ પરાત્પર પોતે જ બધું સંભાળી લેશે.

'ધારણા' શબ્દ બોલીએ ત્યારે યોગ અને ધ્યાનના નિષ્ણાતો અનેક વ્યાખ્યાઓ અને વિવેચનો સાથે કૂદી પડવાના. 'યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ' અને 'ધ્યાન, ધારણા, સમાધિ' એ ત્રિપુટી એ એમના પ્રિય શબ્દો. બધી જ ધારણાઓ, કલ્પનાઓ, પણ જો 'દેશબંધ ચિત્તસ્ય ધારણા' એ પતંજલિ સૂત્રને બરાબર પકડી લેવામાં આવે તો દિમાગને શબ્દછળમાં ભટકાવવાની જરૂર ના રહે. આ સૂત્રદ્વારા મહર્ષિ પતંજલિ એમ કહેવા માગે છે કે થોડા સમય માટે પણ ચિત્તને જો એક વિષય સાથે સંલગ્ન કરવામાં આવે તો ઘણા વિફલ પ્રયાસોમાં ફસાવું ના પડે ને યોગવિજ્ઞાન બદનામ પણ ના થાય.

મારા મિત્ર યોગાચાર્ય શ્રીકૃષ્ણ પોતાના યોગસાધકોને ઘણા ટૂંકા ગાળામાં આ સૂત્રના પ્રયોગક્ષેત્રમાં લઈ જાય છે ને સરસ અનુભવો કરાવે છે. તેઓ બિંદુ, ૐ, ચિત્ર, મૂર્તિ, વસ્તુ,

મંત્ર, ચિહ્ન કે એવા જ કોઈ મનગમતા અવલંબનને મનની સામે રાખવાની સલાહ આપે છે. મારો એવો અનુભવ છે કે કુદરતનું કોઈ દૃશ્ય ચિત્તની સામે લાવીએ તોપણ કામ થઈ જાય. જેઓ સાવ શૂન્યતાને સાંખી શકતા ના હોય એમના માટે આ ઉત્તમ રસ્તો છે.

વિજ્ઞાનનો હવાલો આપવો એવી એક ફેશન થઈ ગઈ છે. પણ રાત થોડી ને વેશ ઝાઝા. વિજ્ઞાનના ટેકા આપીને એકલા બેસવાની પ્રક્રિયા, એકાગ્રતા, શિથિલીકરણ, મનઃચક્રની શાન્તિ ઈત્યાદિ વિષે પ્રયોગશાળામાંથી મળેલા આંકડાના હવાલા આપવાથી શું થશે? ખબર પડી હોય કે અમુક જગાએ સોનાની ખાણ છે, તો પછી બેસી રહેવાય કેમ? અને ખબર પડે કે પોતાની અંદર અમૃતનાં ઝરણાં છે તો પછી વાતોનાં વડાં કરવા રોકાવાય જ કેમ? કબીરે ગાયું હતું, ''રસ ગગનગુફાસે બરસે.'' આવો, એ રસને ઝીલવા તત્પર થઈએ.

o


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪




# સંત મળ્યા સદ્ભાગ્ય ઠર્યા, જન્મમરણના ફેરા ટળ્યા.

**મા સર્વેશ્વરી**

ઉગતી યુવાનીમાં પૂ. શ્રી યોગેશ્વરજીનું દર્શન ૧૯૭૧ માં સૂર્યપૂરીમાં (સુરતમાં) પામ્યા એ ક્ષણ ધન્ય હતી. સંતદર્શનનો સંસ્પર્શ પ્રારંભ પામ્યો. શ્રીમુખથી વહેતી જ્ઞાનગંગાનું પાન થયું. એ વાક્શક્તિ ઉરને ઉજાળતી રહી. કાયાપલટ કરતી રહી. એ સંતપુરુષ પૂજ્ય અને આદર્શ લાગ્યા. ગુરુપદે સ્થાપવા જેવા લાગ્યા. અને ક્રમે ક્રમે સદ્ગુરુ લાગ્યા. પરમગુરુ તરીકે વધાવ્યા અને અંતે તો જીવનનાં સર્વસ્વ લાગ્યા.

સંતપુરુષમાંથી સર્વસ્વ તરીકે સ્વીકારવા કૃપા કે સંકલ્પ અથવા પુરુષાર્થ કે પાત્રતા શું મહત્ત્વનું હશે? કોણ કહી શકે?

સંતદર્શનથી એ યાત્રા પ્રારંભ પામી ૧૮ માર્ચ ૧૯૮૪, એ અધ્યાત્મ યાત્રા ક્ષણિક વિરામ પામી. જગતે નોંધ લીધી કે સંતદર્શને મહાપ્રયાણ કર્યું.

ફરીથી એ સંતદર્શન, સંનિધિ સુખ પામવા મથામણની એ વાટને વિરહવ્યથાથી પવિત્ર કરવાની પ્રવૃત્તિ પ્રારંભ પામી, જેને સાધનાનું નામ પણ આપી શકાય. એ પ્રવૃત્તિને ૨૦ વર્ષ થઈ ગયાં.

આ વીસ વર્ષ કોણે આ જીવન ધબકતું રાખ્યું? અનુભવે લાગે છે કે સ્થૂળ સાંનિધ્ય કરતાં પણ અધિક સૂક્ષ્મ સંનિધિથી પામ્યાં. સૂક્ષ્મસ્વરૂપે સંતપુરુષ સઘળું ધરી શકે છે.

તટસ્થ રીતે જોતાં લાગે છે કે સ્થૂળ સાંનિધ્યે એક ઉપવાસનો નિયમ પણ જરા ભારે લાગતો. ૧૯૮૪ થી સૂક્ષ્મ સાંનિધ્યે તે નિયમ સહજ રીતે સરસ રીતે હળવે રહીને

જીવનમાં ભળી ગયો છે. સ્થૂળ સાંનિધ્યે એકાદશી કે ગુરુવારનું નાનકડું મૌનવ્રત હવે ૧૯૯૫ થી સતત સહજ બની ગયું છે. એક લાખ જપ કે એક પારાયણથી પ્રારંભ પામેલી એ યાત્રા હવે ૧૩ કરોડ જપના સંકલ્પસુધી પહોંચી રહી છે. અનેકવિધ પ્રવૃત્તિઓ, અનેક સંપર્કો, સતત યાત્રા છતાં ધ્યેયનું સ્મરણ ને ધ્યેયપ્રાપ્તિના પુરુષાર્થમાં મંદતા નથી વર્તાતી. સાધનાની અનેક મથામણોમાં નવી નવી સૂઝ ને નવા અર્થગટનો અંતરમાંથી ઉગ્યાં કરે છે. વિવિધ સાધનોની મથામણો સુખદ પ્રત્યુત્તરો પણ ધરતી રહે છે. અલૌકિક કહી શકાય એવી અનુભૂતિઓ પણ સ્વસ્થતાથી સ્વીકારવાની ટેવ પડી છે. સહજ સમર્પણ નિશ્ચિતતા ધર્યા કરે છે. આરોગ્ય ક્ષેત્રે પણ સ્વસ્થતા સાથે પ્રગતિ છે.

આ સર્વ ઉઘાડી આંખે અનુભવેલાં સત્યો છે. એની પાછળ કોની શક્તિ છે? કોના આશીર્વાદ છે? કોની કૃપા છે? એ સત્ય પાછળ સદ્‌ગુરુદેવ પૂ. શ્રી યોગેશ્વરજીની અલૌકિક શક્તિ જ કાર્યરત છે. ગુરુદેવે સ્વયં ૧૯૮૪ થી એ જીવનમાં પથરાય જવાનું, સૂક્ષ્મસ્વરૂપે પ્રવેશવાનું પ્રારંભ કર્યું છે. દરેક પ્રવૃત્તિમાં, દરેક સંકલ્પોમાં, દરેક વિચારમાં એનો જ પ્રાણ ધબકે છે. એ જ પોતે આ કલમે ઉતરે છે. એનો જ આ મુક્ત વિહાર છે.

પરમ પુરુષ સદ્‌ગુરુ ભગવાનનો આ મુક્તવિહારને જાણવાનું, પામવાનું, માણવાનું ભાગ્ય પણ મહાભાગ્ય જ ગણાય ને!

એ પરમભાગ્ય. મહાભાગ્યને હજી પાંખો ફૂટી નથી. એણે અહીં જ આ જીવનમાં જ મુકામ કરી લીધો છે. જીવનનાં એક એક ધબકારને એ પરમ ભાગ્ય વીંટળાઇ વળ્યું છે. મુક્ત-



વિહારને માણતા માણતા આ જીવન એની ક્રીડાસ્થલી બની ગયું છે. મુક્તપુરુષનાં મુક્તવિહારને માણતા માણતા અખંડ આનંદનો અલૌકિક ઘૂંટ ઉતારતા ઉતારતા ભલેને સઘળું પૂર્ણવિરામ પામે.

○

માણસની આંખ જો ઉઘાડી હોય અને મધમાખીની જેમ એની અંદર સઘળેથી સુવાસ લેવાની કે ગુણ ગ્રહણ કરવાની વૃત્તિ હોય તો સમસ્ત વિશ્વ એને માટે એક મહાન વિશ્વવિદ્યાલય બની જાય છે. ભગવાન દત્તાત્રેય-ની ગુણ ગ્રાહક દૃષ્ટિ એનું ઉત્તમ ઉદાહરણ છે.

**—યોગેશ્વરજી**

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**
**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# મા અમારી પ્રકાશિત પગદંડી

(ફેબ્રુઆરી–૨૦૦૫ ના અનુસંધાને) **પ્રા. ડૉ. અરુણા ઠાકર**

(લેખિકાની માતા શ્રી મંદાકિનીબેનની વાત.)

ક્યારેક તેમની વાત ન માનીએ. કહ્યું ના કરીએ તો તરત પોતાના તરફ આંગળી કરી કહે, 'આ સર્વેશ્વરીમાની આજ્ઞા છે.' એટલે તરત અમે તે કાર્ય વિનાવિલંબે કરી દઈએ. આવી નાડ તે પારખતી. હું કહું, 'મા તો જગતજનની છે.' તો કહે, 'હું જનની છું.' હું કહું, 'મા તો ભગવાન છે.' તો કહે, 'હું ભગવાનની ભક્ત છું.' આવી તેઓની સમજણ!

પોતે શિવભક્ત પણ સ્મરણ પૂ. માનું સતત કરે. લીલામૃત, મહિમ્ન, ગીતાજી ને તે ચોપડામાં ગ્રંથની જેમ લખે પૂરેપૂરા. રોજ રુદ્રી કરે. શિવજીને દૂધ અર્પણ કરે. અભિષેક કરે ને તે દૂધ ગલુડિયાને પીવડાવી દે. તુલસીમાં ન રેડી દે. કહે તેનું (ગલુડિયાનું) પેટ ભરાય. દરરોજ ગાય–કૂતરાને દૂધ અને ટોસ ખવડાવે જ.

અમે ઘરમાં છ સભ્યો. થોડા સંપન્ન થતાં બાર મહિનાનું અનાજ સામટું ભરીએ તો પાંચબોરી ઘઉં ભરાવે. ત્રણ અમારે વાપરવાની. એક ચકલાંને ચણ માટે અને એક દાનપુણ્ય માટે. ઘઉંના પ્રકારમાં કોઈ ફેર નહીં. આવી ઉદારતા, સમદૃષ્ટિ.

અમારી સાથે રહે. નવરાત્રિમાં 'સ્વર્ગારોહણ' આવે. ૧૦ દિવસ રહે. પોતાને ડાયાબિટીસ. ભૂખ વારંવાર લાગે. મોઢામાં દાંત નહીં. પ્રસાદમાં મળતું સફરજન અને ફરાળી ચેવડો હાથમાં મસળીને ખાય. પેઢાં છોલાઈ જાય પણ કહે નહિ. આનંદ અને પ્રેમથી રહે. કોઈ ફરિયાદ ન કરે. નાદુરસ્ત



તબિયત, પ્રણામ ન થઈ શકે તો 'કુટિયા'માં બેસી જપ કરે. પૂ. મા પ્રણામ પૂર્ણ કરી (હોલમાં) કુટિયામાં આવે, માતા ઉભા થવા જાય ને પૂ. મા બેસી રહેવા ઈશારો કરે. અમને વાત કરતાં તેઓ કહે પૂ. મા વૃદ્ધો અને દર્દીઓનું કેવું ધ્યાન રાખે છે! સામેથી આવી દર્શન આપે છે કહેતાં તેની આંખોમાં અશ્રુપ્રવાહ ચાલ્યો જાય.

પૂ. મા તેમને ઘણીવાર પૂછે, 'કયું ફળ ભાવે છે? નારંગી કે મોસંબી?' તો કહે, 'નારંગી.' 'પપૈયું કે ટેટી?' તો કહે, 'પપૈયું' આમ ભાવતી વસ્તુ સરળતાપૂર્વક કહી દે. સાવ નિર્દંભ. પૂ. મા પાસેથી મનગમતો પ્રસાદ મેળવી તેમને આનંદ આનંદ થઈ જાય. ને ડોલતાં ડોલતાં કહે, મેરે તો સર્વેશ્વરીમા દૂસરો ન કોઈ.

શરીરની અતિગંભીર માંદગી આવી. ડોક્ટરોએ જાકારો દીધો. હાર્ટ ૨૫ થી ૩૦ ટકા જ ચાલે. શરીરમાં પાણીનું પ્રમાણ વધી ગયું. અતિશય આળી ચામડી થઈ. શરીરે ભયંકર સોજા. જીવનની કોઈ આશા નહીં. અમે પણ દરેક પળ એક અજબ ભયમાં પસાર કરીએ. એક રાત્રે સ્વપ્નમાં પૂ. માએ તેમને ઉઠાડી એક ફળ આખું ખવડાવ્યું. સવારે શરીરમાંથી બીનજરૂરી પાણી (ડોલ ભરીને) નીકળી ગયું. શરીર જાણે નોર્મલ! ત્યારે પૂ. શ્રી મા વિદેશમાં હતાં. જ્યારે ભારત પરત આવ્યાને સત્યપથ પધાર્યા. ત્યારે બા માટે એક ફળ પ્રસાદમાં આપ્યું. માતા તે ફળ આરોગતાં જ બોલી ઊઠ્યાં, "આ જ ફળ ઠળિયાવિનાનું લાલરંગનાં ટામેટાં જેવું મને સ્વપ્નમાં પૂ. માએ આપ્યું હતું ને મને સારું થઈ ગયું હતું. નવું જીવનદાન મળ્યું તે આ જ છે." પૂ. માનો કેવો અનુગ્રહ અને માતાને પણ કેવું પ્રેમનું મા સાથેનું અનુસંધાન.

અમારાથી માતાને દુઃખ થાય તેવું વર્તન થઇ જાય તો અને તેમની ૧૧ કે ૫૧ પ્રદક્ષિણા કરી લઇએ. તે દિવસે તેમની ભાવતી વાનગી બનાવી—લાવી આપી તેને ખુશ કરીએ. તો સામે તેઓ પણ એટલાં સરળ કે અમે બેઠાં હોઇએ તો અમારી ગોળ—ગોળ ફરવા લાગે તેવાં નિર્દોષ.

દર અગિયારસ, પૂનમે દેવદર્શન કરે. શક્તિપ્રમાણે ભક્તિ કરે. સાધુ આવે તો જમાડે કાં ફળ—દૂધ આપે. એક દિવસ કેટલાક સાધુઓ આવ્યા. જમીને, ઘરમાં મંદિર જોવાનો આગ્રહ કર્યો ને મંદિરના બધા ચાંદીના ભગવાન લઇ ગયા! હું વઢી. રડી. તો કહે, 'ભગવાન તો બધે જ છે. ચાંદીમાં જ થોડા છે! ભગવાને મને બચાવી લીધી, મને લઇ ગયા હોત તો. આવાં દયાળુ અને ક્ષમાશીલ. હંમેશાં હકારાત્મક જ વિચારે.'

'ચહો ને સહો' એમનું મુખ્ય સૂત્ર. કોઇનાથી અણબનાવ નહિ. અજાતશત્રુ. કદી કોઇનું બૂરું ન ઇચ્છે. ન ઇચ્છવા દે. પડોશીએ રૂપિયાની ચોરી કરી અમારે ત્યાં. મેં માતાને ત્યાં જવાની ના પાડી તોપણ પ્રેમથી તે પડોશીબેનોને બોલાવે, ત્યાં બેસે ને ભજન કરે. મને કહે, 'કોઇના પ્રત્યે જરાપણ વેરભાવ ન રાખવો. જે પતી ગયું તેને વાગોળવું નહિ. દરિયાજેવું પેટ રાખીએ.'

તેમની પોતાની જ શ્રદ્ધા—ભક્તિ, પવિત્ર અધ્યાત્મમઢી, જીવનશૈલીથી પૂ. માનો અપાર અનુગ્રહ મેળવી આયખું અમર કરી ગયાં.

અગિયારસનો પવિત્ર દિવસ. અમૃતસિદ્ધિયોગ. ઘરેથી સ્નાન કરી, રુદ્રી કરી. નવા કપડાં પહેર્યાં. અલંકારો પહેર્યાં. ને 'સત્યપથ' રીક્ષામાં પૂ. શ્રી માનાં દર્શન કરવા મોટીબેન સાથે આવે છે. પૂ. મા ત્યારે કામાર્થે જયપુર જવાનાં હોવાથી



'સત્યપથ'માં બિરાજતાં હતાં. 'સત્યપથ' આવતાં જ તેમણે મોટીબેનનો હાથ છોડાવી દીધો. સીધાં પૂ. મા પાસે. પ્રણામ કર્યા. મુખ ઉપર ક્યાંય વિષાદ કે દુઃખ નહીં, પૂ. શ્રી માએ બાને જોતાં જ પાસે આગળ બેસાડ્યાં. કહ્યું, 'રહેવું છે કે જવું છે?' બા કહે, 'આપ અહીં છો તો ઉપર શું કામ જઇએ?' પૂ. મા કહે, 'તો ગાવ.' બાએ ગાયું 'મા સર્વેશ્વરીની જોડ સખી નહીં જડે રે લોલ, મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ...' ગીત પૂરું થતાં પૂ. માને પ્રણામ કર્યા ને ત્યાં જ ઢળી પડ્યાં. જીવ શિવમાં ભળી ગયો. પૂ. શ્રી માએ નોંધ્યું, 'કેવું મંગલમૃત્યુ! આજ મહામૃત્યુ! પૃથ્વીપર દરેક જીવને આવું મૃત્યુ મળે તો મૃત્યુનો ભય ના રહે.' રેશમની ગંઠની જેમ શરીર છૂટી ગયું કોઇ ક્લેશ નહીં. અનાસક્ત.

આ મૃત્યુમાંગલ્ય તેમની પોતાની જ કમાણી હતી. પૂ. મા—પ્રભુની કૃપા તો પ્રથમ જ!

મૃત્યુ પછી થતી ક્રિયાકર્મ ને જમણવારમાં માતા ઓછું માને. તેથી જીવતાં જ મૃત્યુના થોડા મહિના પહેલાં અંધશાળામાં બાળકો માટે ઘઉં, ચોખા, દાળ, મરીમસાલા વગેરે જથ્થાબંધ આપી આવ્યાં, અપંગશાળામાં બાળકોને જમાડ્યા. 'હાથે તેટલું સાથે' એવું તેઓ કહેતાં. માતા ઉજ્જ્વળ જીવી ગયાં તો જ તો પૂ. શ્રી માએ મંગલમૃત્યુનું વરદાન ધર્યું! મંદાબાના મૃત્યુ પ્રસંગને અવલોકીને પૂ. શ્રી માએ કહ્યું, 'તપસ્વી, સાધ્વીની શરીર છોડાવાની આ ઉત્તમ રીત હતી.'

અમે સહુ બાળકો અમારાં પૂજ્ય ને પ્રિય માતાના ગુણોનું દર્પણ બની રહીએ. તેમના જીવનને દીપાવીએ અને તેમના જેવું જ પ્રભુમય, સ્વચ્છ, અનાસક્ત મહામૃત્યુ મંગલપર્વ બની જાય તેવું પામીએ તેવી ગુરુદેવ પ. પૂ. મા—પ્રભુને અંતરના અંતરતમની પ્રાર્થના સહિત પ્રણામ. ○

સાયકલ યાત્રા પૂર્વે

# પૂ. શ્રીની સ્વપ્નસૃષ્ટિ–મારી દૃષ્ટિએ

અજય યાત્રી

વર્ષોથી સદા શાંત, નમ્ર અને શરમાળ પ્રકૃતિનું સ્વર્ગારોહણ આજે ગર્વભેર ઊંચું મસ્તક કરી લાગણીભીના ઊંડા શ્વાસ લઈ રહ્યું છે. જેની ગોદની અંદર અનેક લીલાઓ થઈ રહી છે, જેના ખોળામાં કેટલાંય બાળકો નાચ્યાં છે. ખૂબ કૂદ્યા છે. અને કાનુડા બની ઘણી મટકીઓ ફોડી છે. અને રાધાઓએ રાસ રમીને વૃંદાવનો ઊભાં કર્યાં છે. ઘણીવાર એના ખોળે ઘણા પંડિતો અને જ્ઞાનીઓએ નમ્ર બનીને પોતાની પંડિતાઈની વાતો પણ કરી છે. એના અંકે હજારો નિર્જળા, વ્રતો, તપ, પારાયણ, સાધના, પ્રાર્થના, પ્રણામો, સાધનાશિબિરો, સ્તુતિઓ, પાઠો, માળા, મંત્રોચ્ચારો થયા છે. અને જેને આંગણેથી ભાદરવી પૂનમે પસાર થતાં પૂ. માના પદયાત્રી બાળકોને ઠંડી અમૃત જેવી છાસ પાઈને હાસ ધરી છે. ક્યારેક યોગની સ્પર્ધાઓ પણ યોજાઈ ગઈ છે. તો ક્યારેક સંસ્કૃતના વર્ગ પણ થઈ ગયા છે. તારા ખોળાની હૂંફમાં ઘણા કલાકારોએ પોતાનામાં છૂપાએલી કળાને ખેંચીને બહાર કાઢી છે. અને નવા કલાકારોને જન્મ આપ્યો છે. આ સ્વર્ગારોહણ અમારી પોતાની ઓળખાણ કરાવનાર અરીસો છે અને આ સ્વર્ગારોહણની કુટિયા વિશ્વની સૌથી મોટી શક્તિપીઠોમાંની એક બની રહી છે, ને સ્વર્ગારોહણ જેના અંકે હજારો દર્દીનારાયણોને દવા અને દુવા આપીને રોગમુક્ત કર્યા છે. અરે, ઘણીવાર તો તારા ખોળાને હોસ્પીટલ બનાવી ઓપરેશન થીયેટર બનાવી કેટલાયને હાશ



ધરી છે. વળી જેને કોઈ આશરો નથી અને એક ટાઈમ પણ પૂરું ખાવાનું મળતું નથી તેને તારા ખોળેથી અનાજ અને જીવન જરૂરી ચીજવસ્તુનું દાન પણ પ્રાપ્ત થયું છે.

આ બધું જેના પર મહાલક્ષ્મીજીની કૃપા છે તેવા દેશપરદેશના બાળકોને સત્કર્મ કરવાનો એક અલભ્ય લાભ પણ પ્રાપ્ત થયો છે. અને ઘણા બાળકોને તો આપનો એક જ એક માત્ર સહારો છે. અને ઠરીને ઠામ થવાનું એક માત્ર આશ્રય સ્થાન છે. જ્યાં સારાયે વર્ષમાં આવતા ધાર્મિક અને રાષ્ટ્રીય ઉત્સવો સાચા અર્થમાં ઉજવવામાં આવે છે.

અરે! સ્વર્ગારોહણનો તો દરેક સૂર્યોદય એક નવો ઉત્સવ અને એક નવું પરિવર્તન લઈને ઊગે છે. અને એક નવો ઈતિહાસ રચી એક વધારાનું સુવર્ણ પૃષ્ઠ પોતાના પેટાળમાં સંઘરતું રહે છે. "સર્વેશ્વરી સ્મરણ વૃંદાવન." એ આ સમગ્ર સ્વર્ગારોહણનું ધબકતું હૃદય છે અને યોગતીર્થ ધબકતો પ્રાણ છે. જેની ઉપસ્થિતિ માત્રથી જ આ સ્વર્ગારોહણ જીવે છે, ધબકે છે, અને ઈતિહાસ રચે છે. તેવા સુવર્ણ ઈતિહાસનું સર્જન કરનાર પૂ. મા સર્વેશ્વરીનાં દર્શન આજે કંઈક અનોખી રીતે જ થઈ રહ્યાં છે, કારણ આ સ્વર્ગારોહણને પોતાનું ધ્યેય બનાવી તેનું નામ રોશન કરવા માટે બીડું ઝડપી જીવનનું એક મોટું સાહસ કરી સત્યપથ અમદાવાદથી સ્વર્ગારોહણ, અંબાજી સુધી ૨૩ બહેનો ત્રણ દિવસમાં ૧૮૪ કિ. મીટરની સાયકલ યાત્રા કરવા નીકળી પડી છે.

○

# આ સાયકલ યાત્રાની વિશેષતા

નારાયણ હ. જાની

આ એકલી બહેનો માટેની સાયકલ યાત્રા ખૂબ જ અનોખી અને વિરલ એટલા માટે બની રહી છે કેઃ—

૧. આ કોઈ સાયકલ રેસ કે ઓલેમ્પિક સ્પર્ધા નથી. આવી કે આથી ચઢિયાતી સ્પર્ધાઓ તો દુનિયામાં કેટલીય થતી રહે છે. કિન્તુ આ સાહસ યાત્રા શ્રદ્ધાના જોરે, શક્તિની ઉણપ છતાં પૂ. માના શબ્દોના ભરોસે બહેનોએ કરી છે.

૨. કદી ૧૫—૨૦ કિ. મી.ની સાયકલ સવારી ભાગ્યે જ કરનાર બહેનોએ ૧૮૪ કિ. મી.ની આ યાત્રા ત્રણ દિવસમાં કરી.

૩. આ કોઈ સપાટ વિસ્તારની સ્પર્ધા ન હતી. ઓછામાં ઓછા ૩૫ થી ૪૦ કિ. મી.ના ચઢાવવાળો એમાં માર્ગ હતો. વિશેષ અઘરું તો એ માટે હતું કે હાઈવે તેમ જ ખૂબ ટ્રાફિકવાળા માર્ગો ઉપર, ટ્રક ચાલકોથી બચીને આ યાત્રા કરવાની હતી.

૪. વળી જે પાત્રો પૂ. માની પસંદગી પામ્યાં હતાં તેમની શારીરિક લાયકાત ને માનસિક ક્ષમતા આશ્ચર્ય પમાડે તેવી તો હતી, તેનો ખ્યાલ નીચેની વિગતો જોતાં આવશે.

(૧) એક બહેનને સાયકલ આવડતી ન હતી, તેણે માત્ર ત્રણ દિવસ પ્રેકટીશ કરી તે યાત્રામાં જોડાઈ. (દીપુબેન)

(૨) એક બેનને તાવ આવતો હતો. સ્પર્ધાના આગલા દિવસ સુધી તે પથારીવશ હતી. માણ ઊભી થઈ શકતી, છતાં જોડાઈ. (કામિની)



(૩) એક બહેનના પગે થોડી ક્ષતિ હતી, એટલે તેને આત્મવિશ્વાસ ન હતો. (કલ્પુ)

(૪) એક બહેનનો પગ આગલી સાંજે જ દાદર પરથી ઉતરતાં મચકાઈ ગયો હતો અને એને એટલી પીડા થતી કે તે સહી શકતી ન હતી. (સ્તુતિ)

(૫) એક બેનનું શરીર ભારે હતું, વળી તેને આવો ચલાવવાનો મહાવરો ન હતો. (સોનલ)

(૬) એક બેનને હાર્ટની થોડી બીમારી ને ડાયાબીટીજ હતું, છતાં પૂ. મા પરની શ્રદ્ધાથી જ તે આમાં જોડાઈ હતી.

(૭) એક બેનની ઉમ્મર ૫૪ ઉપરની ને તેઓને સાયકલ સવારીનો કોઈ ખાસ મહાવરો નહિ. (દુહિતા)

(૮) આ ઉપરાંત, બીજી લગભગ બધી જ બહેનો હતી, જે કદી પરિશ્રમ કરવા ન ટેવાયેલી, નાજુક, દૂબળી અને સાયકલ ચલાવવાના અભ્યાસ વગરની.

આમ વિચાર કરતાં લાગતું કે પૂ. માની આ લાડલીઓ કેવું સાહસ કરવા નીકળી પડી છે! એમનો આ સંઘ કેમ કરી સત્યપથથી સ્વર્ગારોહણ (અમદાવાદથી અંબાજી) સુધી પહોંચશે! પૂ. માને આવું ગાંડુ કહેવાય એવું આ સાહસ કરવાનું કેમ સૂઝ્યું!

પરંતુ પછી સમજાયું કે તર્કથી સમજી ના શકાય એવી આ વાત પૂ. માએ ખાસ પાત્રો માટે પ્રયોજનપૂર્વક આ યાત્રા પ્રયોજી છે. સંભવ છે આ જીવોએ પોતાના કોઈ પૂર્વજન્મોમાં પરમ શક્તિ પાસે ગોપીઓના પ્રભુ કૃષ્ણ સાથેના રાસની જેમ, આવી કોઈ માગણી કરી હશે જે આ જીવનમાં પૂ. માની કૃપાથી ફળી. એમને ધન્ય કરી ગઈ. પૂ. માની આવી લીલાને

કોણ સમજી કે પામી શકે!

પૂ. માએ પોતાનું ઈશ સામર્થ્ય દર્શાવવા જ આ શંભુ મેળા જેવાં પાત્રોનો સંઘ કાઢી અદ્‌ભુત લીલા કરી. એવું યાત્રાના અંતે લાગ્યું, આ 'પંગુમ્ લંઘયતે ગિરિમ્'ના દર્શનની યાત્રા શ્રદ્ધાળુ સાધકો માટે બની રહી. પૂ. માની અનેક અદ્‌ભુત લીલાઓના પુષ્પગુચ્છમાં એક નવીન પુષ્પસમી લીલાનો આમ ઉમેરો થયો. હે મા, આપની આ લીલા તર્કથી સમજાય નહિ એવી, પણ શ્રદ્ધાના શિખરેથી એ દર્શનીય બની રહી. વંદન હો, વંદન હો એ સદ્‌ભાગી યાત્રીકોને અને એનાં પ્રણેતા ને પૂર્ણકર્તા પૂ. મા સર્વેશ્વરીને.

બહારની સિદ્ધિઓ ખોટી નથી. એમનું મહત્ત્વ એમના સ્થાનમાં છે જ. પરંતુ એના મોહમાં પડી તેને સાધનાનું સર્વસ્વ ગણીને પોતાની અંદરની આત્મસિદ્ધિ પ્રત્યે ઉદાસીન કે ઈશ્વરવિમુખ ન થવાય તેનું ધ્યાન સાધકે ખાસ રાખવું જરૂરી છે. —યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઈલ : ૩૧૧૦૩૦૪

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



### પૂ. માની સંનિધિમાં સત્યપથ(અમદાવાદ)થી સ્વર્ગારોહણ (અંબાજી) સુધી બહેનોની

# સિંહણબાળાઓની સાઈકલ યાત્રા

ડૉ. બી. જે. જાગાણી

તા. ૨૫—૧૨—૨૦૦૪ ના રોજ અમે સ્વર્ગારોહણ ફોન કરીએ છીએ કે પૂ. માના દર્શને આવવું છે. સમાચાર મળે છે કે પૂ. મા તો બહેનોની દ્વિચક્રી (સાઈકલ) યાત્રામાં જોડાયાં છે. અમે તા. ૨૬—૧૨—૨૦૦૪ ના રોજ અંબાજી ગયા. સાઈકલ યાત્રામાં પૂ. માની લીલા જોવા કેટલાક ભક્તો સ્વર્ગારોહણથી સૂંઢિયા ગયા. અમે પણ તેમાં જોડાયા.

રોડપર ૨૩ બહેનો કતારબંધ (એક પછી એક) સાઈકલ ચલાવતાં ચલાવતાં યાત્રા કરે છે. બહેનોએ કેસરી ચટ્ટાપટ્ટા-વાળી કોટી પહેરી છે. લીલારંગની ખાસ પ્રકારની ટોપી મસ્તકપર છે. માત્ર આંખો જ દેખાય તે રીતે શરીરને ઢાંકેલું છે. નવી સાઈકલ છે. સાઈકલોનો રંગ પણ અલગ અલગ છે. સાઈકલની પાછળના વ્હીલપરના પંખાપર રક્ષ મામ્ લખેલું છે. હેન્ડલની આગળ 'મા—પ્રભુ' લખેલું ખાસ પ્રકારનું પ્લાસ્ટિકનું સૂચક ચિત્ર છે. રોડની બાજુમાં સાઈકલ યાત્રામાં બહેનોને સહયોગ મળી રહે તે માટે હોન્ડાપર થોડા સાધકો ફરે છે. પ્રથમ યાત્રીની આગળ એક મોટર છે, વચ્ચે વચ્ચે પણ મોટર છે. સાઈકલ યાત્રામાં સૌથી છેલ્લે જે બહેન છે, તેના પછી પણ એક મોટર છે. પૂ. મા પણ મોટરમાં બિરાજમાન છે. પૂ. મા ઘડીમાં મોટર આગળ ચલાવરાવે છે, તો ઘડીમાં સૌથી પાછળ

ચલાવરાવે છે. પ્રસન્ન મુદ્રામાં યાત્રિક બહેનોને હાથ ઊંચો કરીને આશીર્વાદ આપતાં આપતાં સતત સાથે રહે છે. પ્રોત્સા-હન ધરતાં રહે છે.

વચ્ચે બળદેવી માતાના મંદિરની સામે યાત્રિક બહેનો થોડો વિરામ કરે છે. પૂ. મા દરેકને પ્રસાદ, પીણું અને ચોકલેટ આપે છે. મંત્ર, ગાન, ધૂન, સંકીર્તન સતત ચાલુ છે. બે–ત્રણ મિનિટ સુધી ગરબો પણ થાય છે. બહેનોના શરીરમાં થાક નથી, કારણ પૂ. માની સતત સંનિધિ છે. સૌને દર્શન, આશીર્વાદ, પ્રસાદ, સ્પર્શનનું સુખ મળે છે. એટલે આ ૨૩ બહેનો પણ અનેરી પ્રેમભક્તિની મસ્તીમાં છે.

પૂ. માની રજા લઈને અમે રાત્રે સ્વર્ગારોહણ આવ્યા. તા. ૨૬–૧૨–૨૦૦૪ની સાંજ હતી. મોરબીથી ૭૦ જેટલા ભક્તો સ્વર્ગારોહણ આવેલા, એટલે સત્સંગ થયો. પૂ. મા પણ સૌના આશ્ચર્ય વચ્ચે સ્વર્ગારોહણ પધારે છે.

સત્સંગની બેઠક થાય છે. સાઈકલ યાત્રાનું વર્ણન શ્રી અજયભાઈ કલોલા કરે છે. પૂ. માની ઈચ્છા એવી છે કે આ ભક્તો પણ સાઈકલ યાત્રાનાં દૃશ્યો જુએ, જાણે ને માણે. આ ભક્તો બીજા દિવસે સવારે મોરબી પાછા જવાના સંકલ્પવાળા છે કારણ કે ખાસ બસ કરીને પધાર્યા છે. પૂ. માના હૃદયની વિશાળતાનું અહીં સૌને દર્શન થાય છે. બધા ભક્તો ત્રણેક દિવસ રોકાય જાય ને સાઈકલ યાત્રાના અનોખા આનંદના સહભાગી થાય એવી પૂ. માની ભાવના છે. આવી વિરલ યાત્રા વારેવારે થોડી પ્રયોજાવાની હતી?

પૂ. મા સ્લેટપર લખે છે 'કોને કોને સ્વર્ગારોહણ ગમે છે.' સૌની ઊંચી આંગળી જોઈ પૂ. મા પ્રસન્ન થાય છે. 'તમને સૌને



એક આજ્ઞાની ખબર છે?' 'સ્વર્ગારોહણને તમે શું માનો છો?' ભક્તો કહે, 'તીર્થ.' 'શાસ્ત્રમાં એક આજ્ઞા છે. તીર્થમાં ઓછામાં ઓછું ત્રણ રાત રોકાવું અને તીર્થમાં થતા કાર્યક્રમોનો લાભ લેવો. અમારી પાસે 'કલ્યાણનો તીર્થ અંક' છે. એમાં બધા નિયમો લખેલા છે. તીર્થયાત્રા કરવા જઈએ તો ઘર ભૂલી જવાનું. એ અંકમાં લખ્યું છે કે પોતે જ પોતાનું શ્રાદ્ધ કરીને ઘેરથી નીકળવું. તીર્થના વાતાવરણમાં કોઈ સંત હોય તો લાભ લેવો. ને તેની પણ આજ્ઞા ને સૂચના હોય તે પાળવી. તમે જાણો જ છો કે ૨૫–૧૨–૨૦૦૪ થી સાઈકલ યાત્રા શરૂ થઈ છે. તમે ઉત્તમ સોનેરી અવસર પર પધાર્યા છો, તેથી અમને આનંદ છે. આજે બધા સ્વર્ગારોહણથી યાત્રિકોને સત્કારવા પધાર્યા.'

'શાણા ભક્તોને વધુ કહેવાનું ના હોય. વાસ્તવિક ભૂમિકા પરથી વિચારીએ તો માત્ર બસનું બંધન છે. તે પણ તમારા શરીરને સુખ મળે માટે જ છે. તમને કોઈ કષ્ટ ના પડવું જોઈએ માટે બસ કરી છે, અને બીજો પ્રશ્ન બસનું ભાડું. તે ભાડા માટે તો અજયના પ્રભુ (પૂ. શ્રી) ને જાગાણીની મા (પૂ. મા) સદ્ધર છે તે વિચારશે. યુવતિઓમાં સાહસ નામનો સદ્ગુણ વિકસા-વવા આ યાત્રા ગોઠવી છે. જીવનમાં કોઈ પણ ક્ષેત્રે, ઉંમરે આ સાહસ કામ આવશે. વિશ્વાસ, શ્રદ્ધાનું એક અલૌકિક ભાથું બંધાશે. જન્મોજન્મ કામ આવશે. આવતીકાલે શ્રી હરિ (ભોજાણીભાઈ) જ વિચારશે કે આ બહેનોનું કેવી રીતે સન્માન કરવું?'

આટલી વિનંતીથી શ્રી હરિ તથા મોરબીના ભક્તો નિર્ણય કરી લે છે કે આ દ્વિચકી યાત્રામાં પૂ. માની પૂરી દિવ્ય લીલાનાં દર્શન કર્યા વિના ન જવાય, માટે રોકાઈ જવું. રોકાઈ જવાના નિર્ણયની જાહેરાતથી પૂ. મા ખૂબ પ્રસન્ન થાય છે. સામાન્ય

રીતે આપણે ત્યાં લગ્ન પ્રસંગ હોય અને આમંત્રણ વિના એક જાન જેટલા વધારાના માણસો આવે તો ના ગમે, પણ અહીં તો પૂ. માનો દિવ્ય વ્યવહાર હતો એટલે પૂ. માએ જ સૌને રોક્યા ને દિવ્ય લીલામાં સહભાગી થવા પ્રેર્યા.

સાઇકલ યાત્રિક બહેનો તો પોતાના ઉતારા પર યાત્રાના સ્થળે સૂંઢિયા ગામે છે, પણ તા. ૨૭–૧૨–૨૦૦૪ ના રોજ સાંજે બહેનો સ્વર્ગારોહણમાં પધારે ત્યારે સ્વાગતમાં શું શું કરવું, તેની તૈયારીમાં પૂ. મા, થોડા ભક્તો પૂ. માના ખંડમાં રાત્રીના ૨.૦૦ વાગ્યા સુધી વિચાર અને વિમર્શ ચલાવી રહ્યાં છે. એક બાજુ યુવાન બહેનો માર્ગમાં યાત્રાની મસ્તી માણી રહી છે, તો બીજી બાજુ પૂ. માની સંનિધિમાં સ્વર્ગા-રોહણમાં યાત્રિક બહેનોનું સ્વાગત કેવી ઉત્તમ રીતે થાય તેની તૈયારીમાં પૂ. મા વ્યસ્ત છે. આ પ્રસંગે પૂ. માની સંનિધિનો આ પણ એક અનોખો લ્હાવો હતો.

દિવ્યેશભાઇ બીજા દિવસે, સવારે સ્વાગત માટેનાં ફૂલોની જરૂરિયાતને પહોંચી વળવા રાત્રે જ માળીને ત્યાં જાય છે. રાત્રે જ સ્વર્ગારોહણમાં રંગોળીઓ પૂરાય છે. સરસ મજાના રંગબેરંગી ધજાપતાકાઓનાં તોરણથી સ્વર્ગારોહણને શણગારાય છે. શ્રી નાથાભાઇ ગરબા શોધી લાવે છે, મધુબેન ગરબાથી કેમ સ્વાગત કરવું તેની સમજ પૂ. માના જ ખંડમાં આપે છે. ઉર્વશીબેન, અજયભાઇ કલોલા, શ્રી ભોજાણીભાઇ પૂ. મા અને બીજા થોડા ભક્તો સરસ મજાના મુકુટ તૈયાર કરવામાં લાગી જાય છે. ‘આવો સિંહણબાળ, સ્વીકારો આ થાળ’ પંક્તિનું મોટેથી ગાન પૂ. મા સંકીર્તન સાથે કરાવે છે. રાત્રે ઘસઘસાટ સૂતેલા થોડા ભક્તો પણ જાગી જઇને આ દૃશ્ય જોવા



આવે છે. પૂ. માના શરીરમાં ક્યાંય થાક નથી. બસ! જાણે દ્વિચક્રી યાત્રામાં જોડાયેલી બહેનોમાં જ ઓગળી ગયાં છે ને અત્યારે આ સ્વાગત જ જાણે એમના માટે સર્વકાંઇ થઇ ગયું છે. પૂ. માને હજુ પણ થાય છે કે દીવાળીના દિવસોમાં ઝળ-હળતી રોશનીથી સ્વર્ગારોહણનો શણગાર કર્યો હતો, તેવો શણગાર આ પ્રસંગે થાય તો? બસ. આટલા સંકલ્પે એ પણ થયું! પાલનપુરથી શ્રી પીયૂષભાઇએ એની વ્યવસ્થા પણ કરી. તા. ૨૭–૧૨–૨૦૦૪ ની સ્વર્ગારોહણની સવાર અનોખી બની રહી છે. પૂ. મા, દ્વિચક્રી યાત્રિક બહેનોને દર્શન, સ્પર્શન, ભક્તિ, પ્રેરણા ને શક્તિના દાન માટે શ્રી બીપીનભાઇની ગાડીમાં જે સ્થાનપર બહેનોનો ઉતારો હતો ત્યાં પહોંચવા વ્યાકુળ બને છે. ગાડી સ્વર્ગારોહણથી આગળ ચાલે છે. ફૂલો ક્યાં બાંધીએ તો બહેનો પ્રસન્ન થાય? એના આયોજનમાં પૂ. મા મગ્ન છે. ઘડીક એમ વિચારે છે કે ત્રણ ત્રણ ગુલાબની સેર બહેનોના કાંડે બાંધીએ, તો વળી ઘડીક એમ વિચારે છે કે બહેનોએ પહેરેલી ટોપીની બાજુમાં નાનકડી સેર બનાવીને લટકાડીએ.

બસ! આ જ વિચારમાં, આયોજનમાં ને પ્રયોગમાં એ જગ્યાએ પહોંચી જવાય છે, જ્યાં બહેનો વિશ્રામ કરે છે, પૂ. મા ગાડીમાંથી નીચે ઉતરે છે. કોઇને પુષ્પ અર્પણ કરે છે, કોઇને કાંડે બાંધે છે તો કોઇને ટોપી પર લટકાડે છે, પ્રસાદ આપે છે, ફળના રસનાં પેકેટ આપે છે. સંકીર્તન થાય છે. પૂ. માનાં દર્શનથી સૌ બહેનો ઉત્સાહમાં આવી જાય છે. જાણે કે શક્તિનો નવો ધોધ વહ્યો! સહાયક ભક્તોને પણ પૂ. મા પ્રસાદ, દર્શન ને આશીર્વાદથી ધન્ય કરી દે છે. રોડપર પસાર

થતા લોકો તો કુતૂહલવશ થઈને માંહે માંહે વાતો કરે છે કે આ કોઈ દિવ્ય યાત્રા લાગે છે. કોઈ ધાર્મિક વડા કે મહાન નેતાનો કાફલો રસ્તા પરથી પસાર થઈ રહ્યો હોય ત્યારે જે દૃશ્ય ખડું થાય ને જોનારા દંગ થઈ જાય તેવું દૃશ્ય ખડું થયું છે. મન અત્યારે સાઇકલ યાત્રિકોને પ્રસન્ન કરવા, પ્રેમ વરસાવવા ને ધન્ય કરી દેવા સિવાય પૂ. માનું બીજું કોઈ લક્ષ્ય જ જણાતું નથી.

યાત્રા આગળ ચાલે છે. થોડો રસ્તો કપાય છે. યાત્રિકો-માંની સોનલબેનને ચક્કર આવે છે. તે બેસી જાય છે. તેનું શરીર ભારે છે, વજન ૭૨ કીલો જેટલું છે. નાનાં બાળકને ઘેર મૂકીને આ યાત્રામાં જોડાયાં છે. પૂ. મા તેની પાસે આવે છે. પૂ. મા હળવી અને વિનોદભરી વાતોથી તે બહેનને ખૂબ પ્રસન્ન કરી દે છે.

યાત્રામાં સૌથી છેલ્લે માયાબેન ભક્ત છે. સૌથી આગળ સ્તુતિબેન છે. પૂ. મા ગાડી આગળ લેવરાવે છે. રસ્તામાં ઉભાં રહી બધી બહેનોને ઊભી રાખી દે છે, ને સોનલબેન તથા માયાબેનને સૌથી આગળ રાખી લીડર બનાવે છે, ને બાકીની બધી જ બહેનો તે બહેનોની પાછળ સાઇકલ ચલાવે છે, પૂ. મા પૂરવાર કરી બતાવે છે કે ‘અમારી ઈચ્છાએ, ગાર્ડનો ડબ્બો પણ એન્જિન બની શકે છે.’ આ બધું સહજ રીતે જ બની જાય છે. જોનારા ધન્યતા અનુભવે છે ને પૂ. માની કૃપાને હૃદયમાં સંઘરી લે છે.

બપોરનું ભોજન સહયોગ હોટલમાં લેવાનું હોય છે, શ્રી હેમલભાઇ, શ્રી સ્નેહલભાઇ, શ્રી રાજુભાઇ, શ્રી પ્રભુભાઇ વગેરેએ અગાઉથી જ અહીં બધી તૈયારી રાખી છે. અમે પૂ.



માની ગાડીમાં હતા. પૂ. માએ અમને સૂચના આપી રાખેલી કે આ ગાડી જે સાઇકલ યાત્રિક બહેનની બાજુમાંથી પસાર થાય ત્યારે મોટેથી ‘જય કૃપાળુ મા’નો મંત્ર બોલવો. અમે તેમ કરતા અને પૂ. મા પોતાનો કરકમળ બહાર કાઢી સાઇકલ યાત્રિકને સતત આશીર્વાદ આપતાં. જમવાનું સ્થળ થોડાં કિલોમીટર દૂર હતું ત્યારે તો પૂ. માએ અમને એવું કહેલું કે ‘કહો, ત્રણ મિનિટમાં પહોંચી જશો.’ ‘ખરેખર! ત્રણ મિનિટમાં જ સહયોગ હોટલ આવી ગઈ.’

હોટલમાં પણ સત્સંગ. સૌ બહેનો જમવાના ટેબલ પર ગોઠવાઈ ગઈ. પૂ. મા દરેકને પોતાની પસંદગીનું મેનું નક્કી કરવા કહે છે. તે મુજબનું ભોજન તૈયાર થાય ત્યાંસુધીનો સમય અંતાક્ષરીમાં પસાર થાય છે. મા—પ્રભુના પદોનું ગાન અંતાક્ષરીનો વિષય હતો. અર્ધાકલાક સુધી હોટલનો આ રૂમ જાણે કોઈ મંદિરનો સત્સંગ ખંડ બની ગયો! પૂ. માને તો નિર્જળા હતા. છતાં યાત્રિક બહેનોના ભોજનની વ્યવસ્થામાં મગ્ન હતાં ને રસોઈની વાસ પૂ. મા સહી શકતાં નથી. છતાં આજે ભક્તો માટે સહતાં હતાં. જગતમાં સૌ લિપ્ત જીવોને અલિપ્તતાના પાઠ પોતાના આવા પ્રેમના માધ્યમે શીખવતાં હતાં. અંતાક્ષરી પૂરી થાય છે. સૌ જમે છે. પૂ. મા તો એક સાદી ખુરશીપર હોટલની બહાર બેઠાં છે. પાનના ગલ્લા પાસે જઈને મુખવાસ પસંદ કરે છે. બહેનો જમે પછી મુખવાસ આપવો તેવો પૂ. માનો ભાવ છે. મુખવાસ સારો છે કે ખોરો તે પણ એક ભક્તને ચખાડીને નક્કી કરી લે છે. ચોકસાઇ તો પૂ. માની. આ બહેનોની કેટલી કાળજી રાખે છે. ભોજન બાદ મુખવાસ પણ પૂ. મા પોતાના હાથે જ આપે છે. તેમાં પૂ.

માના સ્નેહભર્યા આતિથ્યભાવનું દર્શન થાય છે.

એક વાડીમાં થોડા સમયનો વિશ્રામ લેવાય છે. પૂ. મા પણ ત્યાં પધારે છે. કોઇને વિશ્રામમાં વિક્ષેપ ના પડે તેની ખાસ કાળજી લેવાય છે. ડો. અરુણાબેન ને ડો. પ્રચેતાબેન પંડ્યા પોતાની ગાડી લઇને યાત્રામાં જોડાયેલી બહેનોની સેવા, કાળજી ને સરભરા માટે પ્રથમ દિવસથી જ જોડાયેલાં છે. તેઓ થાકને કારણે અહીં ગાદલા પર ઘસઘસાટ સૂતાં છે. પ્રસ્થાનનો સમય થઇ ગયો છે. પણ બધાને પૂ. મા સૂચના આપે છે. ચૂપચાપ સૌ પ્રસ્થાન કરો. પૂ. મા ગાદલાં, ચાદર વાળે છે. થોડા ભક્તો આ સેવામાં જોડાય છે. અરુણાબેન—પ્રચેતાબેનની બાજુનાં ગાદલાં એવી રીતે પૂ. મા ઊંચકી લે છે કે આ બહેનોની ઉંઘમાં ખલેલ ના પડે. આખી વાડીમાં કોઇ નથી. પૂ. મા—ને બે બહેનો જ છે. પછી થોડા ભક્તોની મદદથી મંત્રગાન કરાવીને આ બે બહેનોને કેવી વિનોદભરી રીતથી જગાડી, સૌ નિર્દોષ આનંદ માણે છે. 'ઊંઘતા જીવોને હરિ હેતે જગાડે' એ દૃશ્ય જોવાનો મોકો સૌને પ્રાપ્ત થાય છે.

સાયકલ યાત્રા આગળ ચાલે છે. આંબાઘાટ ઘણો ઊંચો છે. તેની ચઢાઇ કપરી છે. તે ઘાટ તો સાઇકલ દોરીને પણ ના ચડાય. સાથી ભક્તો અને સ્વર્ગારોહણથી સ્વાગત માટે આ ઘાટપર આવેલા ભક્તોએ યાત્રિક બહેનો પાસેથી સાઇકલ લઇ લીધી. દોરીને આંબાઘાટ સુધી લઇ ગયા. કતારબંધ સાઇકલ ગોઠવી. અહીં પૂ. માની લીલા દર્શનીય અવર્ણનીય, અદ્વિતીય ને અજોડ બની રહી. સંકીર્તન સાથે સાઇકલ યાત્રામાં જોડાયેલી બહેનોની વચ્ચે, ખીલખીલાટ હાસ્ય સાથે, છૂક—છૂક ગાડી કરતાં કરતાં ને ઘડીમાં ગરબે ઘુમાવતાં પૂ. માને જોવાનો આ



લ્હાવો અનેરો હતો. અરે, આ કપરો આંબાઘાટ ક્યારે ચડાઇ ગયો તેનો કોઇને ખ્યાલ જ ના આવ્યો!

અહીં પણ સંકીર્તન થાય છે. સહાયક મંડળીદ્વારા સૌને પ્રસાદ અપાય છે. થોડાં પ્રવચનો થાય છે. શ્રી અરવિંદભાઇ ત્રિવેદી આ યાત્રા માટે રચેલું પદ ગાય છે. ઢળતી સાંજ છે. સાઇકલયાત્રા આગળ ચાલે છે. પૂ. મા પણ આ દરેક યાત્રિક બહેનનાં હૃદયાસનપર એવાં બિરાજમાન થયાં છે કે બંનેને એક ક્ષણની વિમુખતા વિરહમાં ફેરવી દે છે. રસ્તામાં સતત એ જ યોજના બને કે આ બહેનોપર શું કરીએ તો પ્રેમ વરસે! રસ્તામાં એક મુકામપર પૂ. માની દૃષ્ટિ ત્રણ નાનાં બાળકો પર પડે છે. તદ્દન ગરીબ, ઓછાં વસ્ત્રોવાળાં બાળકોને પૂ. મા ગાડીમાંથી ઉતરીને પ્રસાદ આપે છે. બાળકોની ભાષા શું? પૂ. મા ગાડીમાં પાછાં બેઠાં એટલે બાળકોએ 'આવજો' કહીને હાથ પ્રસાર્યાં. આ દૃશ્ય પરમ પૂ. માની અહેતુકી દયા અને કૃપા સૌના પર વરસી રહ્યાની સાબિતી આપી ગઇ.

દાંતાનો રસ્તો આવતાં અહીં ત્રણ રસ્તા ભેગાં થાય છે. થોડો ઢાળ છે. સાઇકલ યાત્રિકોને રસ્તો જલ્દી કાપવામાં ઘણી અનુકૂળતા થાય તે માટે પૂ. મા ગાડીમાંથી તરત જ નીચે ઉતરીને રસ્તાપર ટ્રાફિક પોલિસની જેમ ઉભાં રહી જાય છે, ને બંને બાજુ વાહનો રોકી દે છે. આમ કરવાનું કારણ એ છે કે સાઇકલ યાત્રિક બહેનોની સાઇકલની સ્પીડ તૂટી ન જાય અને થાક ન લાગે ને ઢાળ ચઢી જવાય.

દાંતામાં ગેસ્ટહાઉસ પર સૌ બહેનો આવે છે. પૂ. મા પણ આ બહેનોની વચ્ચે છે. સંકીર્તન થાય છે. બધી જ બહેનોને રૂમમાં સપ્રેમે આરામ કરાવે છે. પછી અમને સૌને આ

બહેનોના સ્વાગતની તૈયારી માટે ચૂપચાપ છાનામાના સ્વર્ગા-રોહણ મોકલે છે.

સ્વર્ગારોહણમાં સાંજે ૭—૩૦ કલાકે આ બહેનોનું સ્વાગત તેઓને નવાઇ લાગે તે રીતે થાય છે. પૂ. મા દરવાજા પર સ્વાગત માટે તૈયાર છે. પ્રત્યેક બહેનને એક સ્વાગત તોરણ સ્પર્શે તેવી વ્યવસ્થા ઉર્વશીબેન અને નીલાબેને કરી છે. મધુબેન અને શારદાબેન સહિત બીજી બહેનોએ શણગારેલા ગરબાથી આ બહેનોનું સ્વાગત કર્યું ત્યારે યાત્રિક બહેનો હર્ષાશ્રુથી ભાવવિભોર બને છે. પ્રણામ કરતાં કરતાં આ બહેનો કાર્યક્રમના સ્થળે પહોંચે છે. પૂ. મા દરેક બહેનને સાકર આપે છે. ગરમ પાણી તો તૈયાર છે. દરેકને રૂમમાં સૂવાની સરસ મજાની વ્યવસ્થા કરી છે. થોડો સત્સંગ કરી, ભોજન કર્યા બાદ આ બહેનો આરામ કરે છે.

દાંતા પાસે બહેનો માટે રાત્રિમુકામની યોગ્ય સગવડ ન હોવાથી, બધી બહેનોને રાત્રિમુકામ માટે સ્વર્ગારોહણમાં લાવવામાં આવી હતી. તા. ૨૮—૧૨—૨૦૦૪ ના રોજ સવારે ૭—૩૦ કલાકે શીરો ને બટાટાવડાનો નાસ્તો કરાવીને પૂ. મા આ બહેનોને દાંતા જવા માટે વિદાયમાન આપે છે. જે ગાડીમાં યાત્રિક બહેનો બેઠી છે તે ગાડીની સંકીર્તન સાથે પ્રદક્ષિણા કરાવે છે. વાતાવરણ ભક્તિમય બની જાય છે. દાંતા પહોંચીને સૌ બહેનો ફરી પોતાની સાઇકલ લઇને ૮—૩૦ કલાકે યાત્રા શરૂ કરે છે. દાંતાથી અંબાજી સુધીના રસ્તે ત્રણ મોટા ચઢાણ આવે છે. આ ચઢાણ સરળતાથી સંકીર્તન સાથે ચઢાય એટલે પૂ. મા પણ સામેથી પહોંચી જાય છે.

તા. ૨૮—૧૨—૨૦૦૪ ના રોજ બપોરે સ્વાગતની તૈયારી



માટે પૂ. મા રાત્રે થોડા ભક્તો સાથે પૂ. માના ખંડમાં વ્યસ્ત છે. મોડી રાત્રિએ પૂ. માએ આયોજન સારી રીતે પૂર્ણ કર્યું છે. ૨૩ બહેનોની વિશેષતાઓ પૂ. મા અમને લખાવે છે. પૂ. માને કેટલું બધું યાદ રહે છે તેનો ખ્યાલ આવે છે. આ બહેનોની વર્ષો પહેલાંની નાની મોટી આદતો અને ટેવોની માહિતી પણ પૂ. માને યાદ છે. તેની નોંધ તૈયાર કરી. બીજા દિવસે સ્વાગત વખતે તે બોલવાની છે. ત્યાંસુધી આ હકીકત ગોપનીય રહે છે.

**સ્વાગત**

સ્વર્ગારોહણમાં આ બહેનોના ભવ્ય સ્વાગત માટે તડામાર તૈયારીઓ ચાલે છે. શ્રી અજય કલોલા, શ્રી અરુણાબેન, શ્રી નાથાભાઇ, શ્રી મધુબેન, શ્રી ઉર્વશીબેન, શ્રી નીલાબેન પોતાની જવાબદારીમાં વ્યસ્ત છે. શ્રી કલ્યાણ, શ્રી શાંતિભાઇ વગેરે કોલેજ સુધી પદયાત્રી બનીને સ્વાગત માટે જાય છે. શ્રી દિલીપભાઇ અને બીજા થોડાં ભક્તો સાઇકલ લઇને પાનસા સુધી સામે જાય છે.

સ્વર્ગારોહણમાં સાઇકલ યાત્રિક બહેનો ૧૨—૦૦ કલાકે બપોરે આવી પહોંચે છે. શંખનાદ અને ઘંટારવ થાય છે. ફટાકડા ફોડવા, શ્રી સિદ્ધાર્થભાઇ તથા શ્રીમતી પદ્માબેન અમદાવાદથી આવી જાય છે. આગલા દિવસે પૂ. માએ શ્રી વસંતભાઇ પાસે તૈયાર કરાવેલ બેનર ‘સર્વેશ્વરી વનની સિંહણોનું સ્વર્ગારોહણ પરિવાર, ઘરઆંગણે સ્વાગત કરે છે’ ‘વિરાંગનાઓની વીરતાના વધામણાં હો’ એ બેનર પકડીને બહેનો ઉભાં છે, ‘જીવનયાત્રા સાહસિક અને શૌર્યવંતી હજો’ આ બેનરથી પણ સ્વાગત થાય છે. એક પછી એક સાઇકલ યાત્રિક બહેનોનાં નામ ખાસ પ્રકારની છડી પોકારીને બોલાય છે.

'યોગેશ્વર પ્રભુની વરદાયી શક્તિ,
સ્વર્ગારોહણની ઝળહળતી દીવડી,
સર્વેશ્વરીવનની સિંહણોનું અમે સૌ,
સ્વજનો ઝૂકી ઝૂકીને અભિવાદન કરીએ,
છીએ, સ્વાગત કરીએ છીએ.'

'કન્યાયાત્રાનો વિક્રમ નોંધવનાર, દ્વિચક્રીયાત્રાનો વિક્રમ પ્રથાપિત કરનાર મા રણચંડીનાં બાળકો, ઝાંસીની રાણીના વારસદારો, જગદંબાની સંનિધિનું મહાસુખ માણનાર, આર્યકન્યાઓનું સ્વાગત કરીએ છીએ.'

'જય રણચંડી માત, જય જગદંબે માત'નું સતત ગાન પણ થાય છે.

દ્વારપર ચિ. પૂજન તન્ના દરેક બહેનને બૂકે આપે છે, કુ. દેવીશા તીલક કરે છે, હની આરતી ઉતારે છે. ચોકમાં બધી જ બહેનો સાઇકલ સાથે કુમળા તડકામાં બેસે છે. ભક્તો એક બાજુ બેઠા છે. સ્ટેજ પર પૂ. મા બિરાજે છે. પૂ. મા સિંહણ-બાળા (યાત્રિક બહેનો) પર ગંગાજળથી અભિષેક કરે છે. સાઇકલ પર પણ અભિષેક કરે છે. જોનારા સૌ પર પણ છંટકાવ કરે છે. જડ—ચેતન સૌ અભિષેકનો પ્રસાદ પામે છે. મસ્તક પર ગંગાજળનો અભિષેક થાય છે ત્યારે બહેનો પૂ. માનો આભાર માનવા, ધન્યતા અનુભવતા હોય તેમ પોતાની આંખમાંથી પણ અશ્રુઓનો અભિષેક કરે છે. આ દશ્ય ઘણું અદ્‌ભુત અને હૃદયંગમ બની જાય છે.

પ્રત્યેક બહેનની ખાસિયત, વિશેષતા ને લાયકાતો પૂ. માએ આગલી રાત્રે લખાવેલ તે બોલાય છે. તે બહેન સ્ટેજ પર પૂ. મા પાસે આવે છે, ગાયત્રી, ધરા, ગીતા, પાયલ પ્રત્યેક



બહેનને મુકુટ બાંધે છે. શ્રી સિદ્ધાર્થભાઇ સર્ટિફિકેટ આપે છે, ન્યૂજર્સિથી ખાસ પધારેલ આરતીબેન પ્રત્યેકને હાર પહેરાવે છે. વીરચક્ર કે પરમ વીરચક્ર પારિતોષિક અર્પણ થતાં હોય તેવું દશ્ય ખડું થાય છે.

સર્ટિફિકેટ પૂ. માના અક્ષરોમાં જ છે, ખાસ પ્રકારનાં દશ્યો મૂક્યાં છે તેનું વર્ણન શક્ય નથી, પણ તેમાં પૂ. માએ લખેલ આશીર્વાદ આ મુજબ છે. **'સર્વેશ્વરીવનની હે સિંહણો, ગર્જન, નર્તન, કીર્તન કરતાં કરતાં વીરાંગનાની વાટે વિચરજો. શ્રદ્ધા અને ધીરજની પાંખે ઉડતાં ઉડતાં અગમપંથે મોજ માણજો. જ્યાં જ્યાં વસો ત્યાં ત્યાં સજ્જ થઇને સ્વર્ગારોહણની શાન બની સ્વયં ઢાલ બની જજો. માનું દર્પણ બનતાં બનતાં પ્રભુનું પ્રતિબિંબ ઝીલજો. —મા'**

શ્રીસ્નેહલભાઇ, શ્રી અતુલભાઇ, શ્રી દિલિપભાઇ, શ્રી રાજુભાઇ, શ્રી જયુબેન, શ્રી કલ્યાણ, શ્રી હરિ, શ્રી દુહિતાબેન, શ્રી અશ્વિનકાકા વગેરેએ પ્રતિભાવો આપ્યા ને સૌએ આ યાત્રાને સ્પોન્સર કરવા બદલ શ્રી જગદીપભાઇ, શ્રીમતી નયનાબેન, શ્રીરમેશભાઇ, શ્રી શારદાબેન, પાર્થ, પૂજાનો આભાર માન્યો. શ્રી જયુબેને સૌ યાત્રિકોવતી પૂ. માને તથા શ્રી જગદીપભાઇને નાનકડી ભેટ ધરી.

## આરતીબેનનો જન્મદિન

ન્યૂજર્સિથી પધારેલ આરતીબેનનો આજે જન્મદિવસ છે. એટલે પૂ. મા સમૂહમાં જ જન્મદિવસની પ્રાર્થના કરાવે છે. દર્શના, સ્તુતિ ઉભા થઇને આરતીદેવીનું સન્માન કરે છે. પૂ. મા આશીર્વાદ આપે છે.

**'આરતી નામ જ કેવું વંદનીય છે! આ બાળકી વિદેશમાં**

**જન્મી છે. પરદેશમાં ૧૬ વર્ષની વરસગાંઠ ખૂબ ધામધૂમથી ઉજવવાનો રિવાજ છે. લાખો રૂપિયાનું પાણી કરી પશ્ચિમ જગતના નાચગાન કે ખાણીપીણી સાથે ઉજવવાને બદલે આ આરતીદેવીએ સ્વર્ગારોહણમાં આવીને નાના નાના ૬૦૦ ગરીબ વિદ્યાર્થીઓને વસ્ત્રદાન ધરીને ઉજવવા આવી છે.'**

અવળે રસ્તે વપરાતી આ લક્ષ્મીને સ્વર્ગારોહણમાં સત્કર્મમાં વાપરવા પધારી છે. આપણે સૌ એને એક કાર્ડ(જન્મદિવસ-નું)આપીને મંત્રગાન સાથે જન્મદિન ઉજવીશું.

આરતીબેન પણ પોતાના હસ્તે સાઇકલ યાત્રિક બહેનોને નાનકડી ભેટ આપે છે.

**સાઈકલ યાત્રામાં ભાગ લેનાર સદ્‌ભાગી બહેનોનાં નામ**

૧. ધ્વનિ ૨. કૃપા ૩. ગાયત્રી ૪. સોનલ ૫. કેશા ૬. દર્શના ૭. સ્તુતિ ૮. દીપુ ૯. તૃપ્તિ ૧૦. પૂજા ૧૧. દુહિતા ૧૨. કલ્પૂ ૧૩. જયૂ ૧૪. મનીષા ૧૫. સ્મિતા ૧૬. મીરાં ૧૭. તેજલ ૧૮. કીર્તિ ૧૯. મયૂરી ૨૦. બિજલ ૨૧. કામિની. ૨૨. અમી ૨૩. માયા. ૧૮ થી ૫૪ વર્ષની ઉંમર સુધીની આ બહેનોએ કોઇ પણ શારીરિક ફરિયાદ વિના આ યાત્રા પૂર્ણ કરી. જીવનમાં કદી પણ ન કલ્પી હોય અને સ્વપ્નેય ના વિચાર્યું હોય તેવું આ સાહસ તેમના જીવનનું અવિસ્મરણીય સંભારણું બની ગયું.

યાત્રામાં વિવિધ પ્રકારની સેવાઓ અને સહયોગ ધરવા સતત સાથે રહેનાર ભક્તો આ મુજબ હતાઃ—શ્રી રાજુભાઇ જાની, શ્રી બીપીનભાઇ તન્ના, શ્રી પ્રભુભાઇ, શ્રી રાજીવ, શ્રી હેમલ, શ્રી દીપક, શ્રી અજય, શ્રી આશિષ, શ્રી અશ્વિન, શ્રી દિવ્યેશ, શ્રી નિલેશ, શ્રી પ્રચેતાબેન, શ્રી અરુણાબેન, શ્રી



નિલેશ ટેલર, શ્રી અંકુર, શ્રી નિલેશ કણઝરિયા, શ્રી મંજુબેન, શ્રી ગાયત્રી, શ્રી દેવીશા અને પૂજન. સ્વર્ગારોહણમાં શ્રી ઘનશ્યામભાઇ દેસાઇની મૂક સેવા તો ખરી જ. સમગ્ર યાત્રા દરમિયાન આ સૌએ યાત્રિક બહેનોને કોઇ પણ પ્રકારની મુશ્કેલી ના પડે તેની કાળજી પ્રેમપૂર્વક રાખી. જાણે સાઇકલ યાત્રિક બહેનોની સેવા એ જ પૂ. માની ભક્તિ એમ માન્યું.

સમગ્ર યાત્રામાં પૂ. માની દિવ્ય લીલાનું દર્શન આવા વર્ણનથી તો કેટલુંક થાય? એ માટે તો વિડિયો કેસેટો જોવા મળે ત્યારે ધન્યતા અનુભવાય. આ યાત્રાની કેસેટો સવેળા ઉપલબ્ધ થાય એવી વિનંતી, પ્રાર્થના અને દરખાસ્ત થઇ. પૂ. માના મનમાં તો સાઇકલ યાત્રા સતત ગૂંજ્યા કરે છે, દશ્યો સતત દેખાયાં કરે છે. યાત્રા ભલે સાઇકલના માધ્યમની હતી પણ સહભાગી અને જોનારા સૌને પ્રભુમિલનનો દિવ્યાનંદ દેનારી હતી. (નોંધ : સાઇકલયાત્રાની આ નોંધ માત્ર અમે યાત્રામાં જોડાયા તે દિવસની છે.)

○

# સાધનાદિનના આંકડા

તા. ૫–૨–૦૫ સ્વર્ગારોહણમાં એકાદશીવ્રતની વિશેષ રીતે વધામણી પ્રારંભ પામી.

સૌ સાધકોએ પોતે વિશેષ નિયમો લીધા. વિશેષ નોંધ તો એ છે કે સ્વર્ગારોહણના ભોજનાલયના મહારાજશ્રીએ પણ સૌને વિશેષ પ્રણામ કરતા જોઇને નિયમ લીધો અને ૧૧૪૦ પ્રણામ પૂર્ણ કર્યાં.

સાધનાદિનની આ વધામણીમાં શ્રી મા પણ પોતે વિશેષ નિયમ લે છે. આખા દિવસમાં ૫૦૦ માળાનો નિયમ મા પણ પૂર્ણ કરે છે.

સાથે મળીને સામૂહિક શાંત સાધના સ્વર્ગારોહણની આ તીર્થભૂમિમાં થયા કરે છે.

(સાધનાદિનના આંકડા પૃષ્ઠ ૪૪–૪૫ ઉપર છે.)

પ્રભુ માટે આર્દ્રહૃદયથી પોકારેલો એક પણ ઉદ્ગાર કદી નિષ્ફળ જતો નથી. ગજેન્દ્રમોક્ષ તેનું જ ઉદાહરણ છે. —યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩



| નામ | ઉંમર | મૌન | નિર્જળા | એકાદશી નિમિત્તે કરેલી પારાયણ |
|---|---|---|---|---|
| ગુલાબબેન ભક્ત | ૬૬ | ૧ | ૧ | લીલામૃતનું પારાયણ |
| કુસુમબેન દેસાઇ | ૬૩ | – | – | સરળગીતાનું પારાયણ<br>વિષ્ણુસહસ્રનામ |
| મંજુલાબેન અમીન | ૬૩ | ૧ | – | વિષ્ણુસહસ્રનામ<br>લીલામૃત પારાયણ |
| રંજનબેન ઠાકર | ૬૩ | – | – | શિવમહિમ્ન પાઠ–૫<br>લીલામૃત–૧ |
| રંજનબેન દેસાઇ | ૬૦ | ૧ | – | લીલામૃત–૧<br>શિવમહિમ્ન પાઠ–૧ |
| નિરૂબેન મિસ્ત્રી | ૫૭ | – | – | ૧૦૦ સ્તુતિ |
| મંજુલાબેન ભાવસાર | ૬૧ | – | – | – |
| મહાલત્તાબેન કોન્ટ્રાક્ટર | ૬૪ | – | – | શિવમહિમ્નસ્તોત્ર<br>વિષ્ણુસહસ્રનામ |
| કૈલાસબેન જોષી | ૬૩ | ૧ | – | લીલામૃત<br>સરળગીતા–૬ અધ્યાય |
| પ્રભાબેન પટેલ | ૬૨ | – | – | – |
| દીપુ વાંસદિયા | ૨૮ | – | ૧ | લીલામૃતનું પારાયણ |
| સ્તુતિ હળવદિયા | ૨૨ | – | – | – |
| ઘનશ્યામભાઇ દેસાઇ | ૬૬ | – | – | સરળગીતા–૨ અધ્યાય<br>લીલામૃત–૧ અધ્યાય |
| નાથાભાઇ જાગાણી | ૫૫ | – | ૧ | સરળગીતાનું પારાયણ<br>શ્રી યોગેશ્વર લીલામૃત–૧ અ. |
| મનીષભાઇ પટેલ | ૨૪ | – | ૧ | શ્રી યોગેશ્વર લીલામૃત–૧ અ. |
| આનંદભાઇ ભટ્ટ | ૩૫ | ૧ | ૧ | – |
| દિવ્યેશભાલિખડિયા | ૨૫ | – | ૧ | – |
| હરીશભાઇ કોન્ટ્રાક્ટર | ૭૨ | ૩ કલાક | – | લીલામૃત–૧ અધ્યાય<br>વિષ્ણુસહસ્રનામ–૧ |
| વિનુભાઇ અમીન | ૬૭ | ૧ | ૧ | – |
| નારાયણભાઇ જાની | ૮૫ | – | – | વિષ્ણુસહસ્રનામ–૧૧<br>સરળગીતા–૭ અધ્યાય |
| જગુભાઇ મિસ્ત્રી (વાંચન) | ૬૨ | – | – | – |
| મહારાજ | ૨૭ | – | – | – |

**સાધના–નિયમો**

| માળા | બાવની | પ્રદક્ષિણા | પ્રણામ | ધ્યાન | પ્રાર્થના |
|---|---|---|---|---|---|
| ૧૫૧ | ૧૧–૧૧ | ૧૫૧ | ૧૦૧ | – | – |
| ૫૧ | ૧૧–૧૧ | ૧૫૧ | ૫૧ | – | – |
| ૩૨૪ | – | ૦॥ કલાક | – | – | – |
| ૧૨૫ | ૨૧–૨૧ | ૬૫ | ૨૦૦ | – | – |
| ૫૦૦ | ૩૫–૩૫ | ૫૦૦ | ૧૫૧ | – | – |
| ૨૦૦ | ૧૧–૧૧ | – | ૩૫૦ | – | – |
| ૧૫૧ | સાથે ૮ | ૧૦૮ | – | – | – |
| ૨૦૦ | ૨૫–૨૫ | ૨૦૫ | ૫૫૧ | – | – |
| ૩૦૦ | ૨૫–૨૫ | ૧૦૧ | ૫૧ | – | – |
| ૬ કલાક જપ | ૫–૫ | ૧૫૦ | ૧૫૦ | – | – |
| – | – | – | ૩૦૦૦ | – | ૧ |
| ૩ કલાક | ૫૧–૫૧ | ૮૦૦ | ૧૭૦ | – | ૧ |
| ૮૦ | ૧૧–૧૧ | ૨૦૨ | ૧૦૧ | – | – |
| ૧૦૦ | ૫૧–૫૧ | ૧૦૮ | ૧૧૧૧ | – | – |
| ૮૭ | ૧–૧ | ૧૦૮ | ૩૦૦૦ | – | – |
| – | – | – | ૩૦૦ | – | – |
| ૨૦૦ | – | યો.તી.૧૦૦ | ૧૩૦૦ | – | – |
| ૬૧ | ૫–૫ | ૫૧ | – | – | – |
| – | – | – | – | ૭ કલાક | – |
| – | ૧૧–૧૧ | ૧૦૧ | ૨૫૧ | ૧ કલાક | ૧ |
| જપ | – | – | – | – | – |
| – | – | – | – | – | ૧૧૪૦ |



# સાધના–દિન ૧૯-૨-૦૫

૪૮ ભક્તોએ સાથે મળીને શાંતિથી મૌનવ્રત સાથે વ્યક્તિગત સાધના કરી, એકાદશીવ્રતને વધાવ્યું. એની વિગતઃ–

| નામ | ઉંમર | નિયમ |
|---|---|---|
| મા સર્વેશ્વરી | ૬૨ | ૬૨૦ માળા, ૧૦૦૦ પ્રણામ |
| દમયંતીબેન ભક્ત | ૫૪ | ૩૫૪ માળા |
| સ્તુતિ હળવદિયા | ૨૨ | પ્રસંગ લેખન |
| ગાયત્રી ભક્ત | ૨૯ | ૫૮૦ માળા |
| મયૂરી ટેલર | ૩૬ | ૫૦૦ માળા |
| પુષ્પિકા પટેલ | ૨૨ | ૨૨૦ માળા |
| ગીતા ટેલર | ૩૨ | ૫૦૦ માળા |
| ગુલાબબેન ભક્ત | ૬૬ | ૬૬૦ માળા |
| ઈલાબેન ભક્ત | ૬૩ | ૬૩૦ માળા |
| મંજુબેન અમીન | ૬૪ | ૪૦૦ માળા |
| મંજુબેન ભાવસાર | ૬૦ | ૨૫૦ માળા |
| રંજનબેન દેસાઈ | ૬૦ | ૭૦૦ માળા |
| રંજનબેન ઠાકર | ૬૩ | ૩૩ શિવમહિમ્નમ્ |
| નીલાબેન ભટ્ટ | ૫૫ | ૨૧ શિવમહિમ્નમ્ |
| સરોજબેન પટેલ (ન્યૂજર્સી) | ૫૩ | ૨૫૦ માળા |
| દીપુ વાસદિયા | ૨૮ | ૩૭૫૧ પ્રણામ |
| કલ્પનાબેન મહેતા | ૫૨ | જપ |
| શારદાબેન પટેલ | ૪૬ | ૫૦૦ પ્રણામ |
| મધુબેન પટેલ | ૩૮ | ૪½ કલાક પ્રદક્ષિણા |
| પ્રાર્થના પટેલ | ૧૫ | ૧૫૦ પ્રદક્ષિણા |
| ખુશ્બુ પટેલ | ૯ | ૯૦ પ્રદક્ષિણા |

| | | |
|---|---|---|
| તેજલબેન | ૨૭ | ૨૭૦ બાવની |
| ગાયત્રીબેન વ્યાસ | ૨૭ | ૫૦૦ માળા |
| સ્મિતાબેન પટેલ | ૨૮ | ૧૦૦૮ પ્રણામ |
| લીલાબેન પટેલ | ૩૫ | ૫૦૦ માળા |
| દેવિશા તન્ના | ૧૩ | ૮૦૦ પ્રણામ |
| કીર્તિબેન ભટ્ટ | ૨૮ | ૧૭૦૦ પ્રણામ |
| પૂજા ત્રિવેદી | ૨૨ | ૧૭૦૦ પ્રણામ |
| મૈત્રીબેન ત્રિવેદી | ૩૧ | જપ |
| હરિશ્ચંદ્રભાઈ જાની | ૭૭ | ૭ કલાક મૌન, ધ્યાન |
| વિનુભાઈ અમીન | ૬૭ | ૭ કલાક ધ્યાન |
| અજયભાઈ કલોલા | ૪૩ | ૫૧ બાવની |
| જે. કે. અમૃતિયા | ૫૮ | માનું દર્શન |
| પ્રભુદાસભાઈ તન્ના | ૭૦ | ૭ કલાક ધ્યાન |
| નાથાભાઈ જાગાણી | ૫૧ | ૧૫૧૦ પ્રણામ |
| વિજયભાઈ કનેરિયા | ૪૨ | ૪૨ બાવની |
| કલ્યાણજી | ૭૦ | ૫૦૦ પ્રણામ |
| બચુભાઈ ભક્ત | ૬૪ | ૬૪૦ માળા |
| ઘનશ્યામભાઈ દેસાઈ | ૬૭ | ૬૭૦ પ્રણામ |
| ચીમનભાઈ મહેતા | ૬૬ | નામ જપ લખવા |
| કાંતિભાઈ પટેલ | ૪૩ | ૪૩૦ પ્રણામ |
| દુષ્યંત પટેલ | ૭ | ૭૦ પ્રણામ |
| રાજીવભાઈ જાની | ૩૯ | ૫૦૦ પ્રણામ |
| નવીનભાઈ દવે | ૫૮ | ૨૫૮ માળા |
| પૂજન તન્ના | ૭ | ૫૦૦ પ્રણામ |
| આદિત્ય ભટ્ટ | ૭ | ૧૬૦૦ પ્રણામ |
| દિવ્યેશભાઈ લેખડિયા | ૨૭ | ૪૩૬ માળા |
| મહારાજ | ૨૭ | ૮૨૦ પ્રણામ |



### એક નાના છતાં ભાવપૂર્ણ

# બાળકનો પૂ. માને અદ્‌ભુત પત્ર

**આદિત્ય ભટ્ટ**

[નોંધ : એક ૮ વર્ષના શ્રદ્ધાળુ બાળકે તેની માતા પાસે આ પત્ર લખાવ્યો છે. બાળકને ગુજરાતી લખતાં આવડતું નથી, પરંતુ તે બોલી સારું શકે છે. પૂર્વના સંસ્કારોનું સરસ ભાથું લઈને આવેલ આ બાળકનું પૂ. મા પ્રત્યેનું ભાવજગત ખૂબ પુષ્ટ થયેલું છે. નહિ તો, આઠ વર્ષના આ બાળકને આવા ભાવો કે વિચારો થોડા આવે! આદિત્યના એ ભાવને તંત્રીના અભિનંદન. **—તંત્રી**]

**પૂ. માનો વ્હાલો આદિત્ય પૂ. માના ચરણોમાં ૪૦૦૦ વંદન.**

હે મા! તમને Thank You.

તમે મારું ખૂબ જ સરસ સ્વાગત કર્યું.

મમ્માએ મને સાયકલ યાત્રા વિષે સરસ વાત કરી અને કહ્યું કે પૂ. માએ તો અમને ખૂબ જ પ્રેમ આપ્યો અને અમારું ખૂબ જ સરસ સ્વાગત કર્યું. પૂ. મા તો અમારી પર ખૂબ જ વરસ્યાં હતાં. અમને તો સાયકલ યાત્રામાં ખૂબ જ આનંદ આવ્યો અને કૂદકા મારે એટલે મેં તો કાન બંધ કરી દીધા અને પછી હું રડવા લાગ્યો કે હવે પૂ. મા મને સાયકલ યાત્રા ક્યારે કરાવશે? હવે મારું તો સ્વાગત જ નહીં થાય ને? કારણ કે મેં સાયકલ યાત્રા તો કરી નથી. મારું સ્વાગત રહી ગયું એમ કરી હું રડવા માંડ્યો, અને ખૂબ જ રડ્યો. મેં કહ્યું પૂ. મા મને પ્રેમ ક્યારે આપશે? પૂ. માને ફોન કર મને પણ સાયકલ યાત્રા

કરાવે, તો. મમ્માએ કહ્યું કે તું પ્રણામ કરે છે ને તો પૂ. મા તારું સ્વાગત કરશે. તો મેં કહ્યું ૧૦૦ પ્રણામમાં મારું સ્વાગત ના કરે, તો મમ્માએ કહ્યું, વધારે પ્રણામ કર. તો મેં કહ્યું હું તો ૫૦૦૦ પ્રણામ કરવાનો. તો પૂ. મા મારું સ્વાગત કરશે? મમ્માએ કહ્યું હા, એટલા બધા પ્રણામ કરે તો પૂ. મા સ્વાગત કરે જ. પૂ. માને પ્રણામ ખૂબ જ પ્રિય છે. તો મેં મમ્માને કહ્યું કે તારી સાયકલ યાત્રા વધારે કહેવાય કે પ્રણામ? મમ્માએ કહ્યું, તારા પ્રણામ. મેં કહ્યું, ના હું તો પૂ. માને જ પૂછીશ. પૂ. મા જે કહેશે તે સાચું માનીશ, અને પછી મેં પ્રણામની યાત્રા ચાલુ કરી.

તા. ૮–૧–૦૫ મારી પરીક્ષા પૂરી થઇ અને તા. ૯–૧–૦૫ શનિવારે મારે સ્કૂલમાં રજા હતી. તે દિવસે મેં સવારે ૧૦ વાગ્યે પ્રણામ ચાલુ કર્યાં. પૂ. માની બાવની, પૂ. પ્રભુની બાવની, પૂ. માનાં ભજનો, ધૂન ગાતાં ગાતાં પ્રણામ કર્યાં. અને મને સતત એવો જ વિચાર આવે છે કે હું પ્રણામ કરીને પૂ. મા પાસે જાઉં છું અને પૂ. મા મારું સરસ સ્વાગત કરે છે. સળંગ એક સાથે મેં ૪૦૦૦ પ્રણામ કર્યા. એમાં ફક્ત મેં જમવાનો જ બ્રેક પાડ્યો. જમીને પછી મૈં પૂ. મા પાસે બેસીને પ્રાર્થના કરી, 'હે મા, મને શક્તિ આપ. મારા પ્રણામ પૂરા થાય, મને હિંમત આપ. મારે ૫૦૦૦ પ્રણામ પૂરા કરવા છે.'

૩૦૦૦ પ્રણામ કર્યા બાદ, હું થાકી ગયો. એટલે મમ્માએ કહ્યું, બસ રહેવા દે, ચાલશે. પૂ. મા તારું સ્વાગત કરશે, તો મેં ના પાડી કે હું તો ૫૦૦૦ નહીં તો ૪૦૦૦ તો પૂરા કરીશ જ. પૂ. મા તો કેટલું બધું તપ કરે છે? ઉપવાસ કરે છે, મૌન રાખે છે અને હું તો કશું નથી કરતો. હું પ્રણામ કરીશ, તો જ પૂ. મા મારું સ્વાગત કરશે અને પૂ. માનો ખૂબ જ પ્રિય બાળક થઇશ. મારે તો પૂ. માના પ્રિય બાળક બનવું છે. અને પૂ. મા મારું



સ્વાગત કરે. મેં કહ્યું, "મમ્માને તું ભજન ગા–કષ્ટો પડે ભલેને હિંમત ના હારવાના..." મમ્માએ ભજન ગાયું. અને મેં ૪૦૦૦ પ્રણામ પૂરા કર્યાં. ૪૦૦૦ પ્રણામથી પણ મને સંતોષ ન હતો, પણ મને ઊંઘ આવતી હતી. એટલે હું ઊંઘી ગયો. બાકી તો મારી ઇચ્છા ૫૦૦૦ પ્રણામની જ હતી. પ્રણામ કર્યા બાદ પૂ. માને મેં અંબાજી ફોન કર્યો. ફોન લાગ્યો, પણ પૂ. મા મને ના મળ્યાં એટલે હું રડવા જેવો થઇ ગયો. પછી મમ્માએ કહ્યું તેં આટલા બધા પ્રણામ કર્યા છે એટલે પૂ. મા જાણી ગયાં હશે અને તારા સ્વાગતની તૈયારી કરતાં હશે એટલે પછી મમ્માની વાત સાચી લાગી. ત્યારબાદ બે દિવસ પછી હું અંબાજી પૂ. માને મળવા ગયો.

પૂ. માને મળવા દર્શન કરવા ગયો ત્યારે બસમાં મને એવો જ વિચાર આવતો હતો કે પૂ. મા ગેટ પાસે ઉભાં છે. અને મારી રાહ જુવે છે. અને ખરેખર એવું જ થયું. હું સ્વર્ગારોહણમાં ગયો તો પૂ. મા નીચે ઊભાં હતાં અને મારી રાહ જોતાં હતાં. હું સ્વર્ગારોહણમાં ગયો ત્યારે બધી બહેનો બાવની બોલતી હતી, તો હું પણ બાવનીમાં જોડાઇ ગયો. તો પૂ. મા મારી પાછળ આવ્યાં અને મને બાથમાં લઇ લીધો. અને ખૂબ જ વ્હાલ કર્યું, ખૂબ પ્રેમ કર્યો અને મારું ખૂબ જ સરસ સ્વાગત કર્યું. પૂ. મા મને એમના રૂમમાં લઇ ગયાં અને સાયકલ યાત્રીઓ કરતાં પણ વધારે પ્રેમ આપ્યો અને મારું સ્વાગત કર્યું. મને પૂ. માએ એટલો બધો પ્રેમ અને વ્હાલ આપ્યાં ને એટલું સરસ સ્વાગત કર્યું, તે મારાથી ભૂલાતું જ નથી. જેણે મારું સ્વાગત જોયું હોય તે જ જાણે.

મારું સ્વાગત થતું હતું ત્યારે મમ્મા, સ્તુતિ દીદી અને દુહિતા આન્ટી અને મંજુલા આન્ટી, આટલાં જણ જ જાણે છે કે પૂ. માએ મારું કેવું સરસ સ્વાગત કર્યું!

પછી પૂ. માને મેં પૂછ્યું કે હે મા, પ્રણામ વધારે કહેવાય કે સાયકલ યાત્રા વધારે કહેવાય? તો પૂ. માએ કહ્યું ''પ્રણામ,'' ત્યારે મને શાંતિ થઇ, પછી ઘરે આવીને મેં મમ્માને કહ્યું કે આપણે તો કેટલા બધા નશીબદાર છીએ કે આપણા ભગવાન તો હાલતા ચાલતા છે અને આપણી પ્રાર્થના સાંભળે છે. જ્યારે બીજાના ભગવાન ફોટામાં જ હોય છે. એ લોકોએ એમના ભગવાનને ફોટામાં જ જોયા હોય છે. એ લોકોને તો જે કહેવું હોય તે ભગવાનની તસ્વીરને જ કહેવું પડે અને આપણે તો જે પ્રાર્થના કરવી હોય તે ક્યારેક સીધી પૂ. મા ભગવાનને કહી દેવાની. એટલે તરત જ આપણા ભગવાન આપણને જવાબ આપી દે. બધાને જ આપણા મા જેવાં મા મળે અને બધા જ ઓળખી જાય કે આપણાં મા ભગવાન છે તો કેટલું સારું! બીચારા એમને તો ફોટામાં વાત ના કરવી પડે, તો મમ્માએ કહ્યું એ તો આપણા પ્રભુ કહી ગયા છે કે લાખો કરોડોમાં એકાદ વ્યક્તિ એવી હશે કે પૂ. માને ઓળખશે? તો મેં કહ્યું, ''હું તો ઓળખી ગયો છું કે આપણાં મા ભગવાન જ છે.''

''મેં સ્કૂલમાં મારી ફ્રેન્ડ હતી તેને વાત કરી કે મારા મા ભગવાન છે અને બધાને બધું આપ્યાં જ કરે છે. મને બેગ આપી, બિસ્કીટ આપ્યાં અને બીજું પણ બધું બહુ જ આપ્યું. તો મારી ફ્રેન્ડે કહ્યું કે તો તારા માને મળવા મારે પણ આવવું પડશે. પછી મેં તેને અંબાજીનું સરનામું આપ્યું.

હે મા, ફૂલવાડીમાંથી આવ્યા બાદ હું ટી. વી. નથી જોતો. બ્રેડ નથી ખાતો. સન્ડે ૧૦૦૦ પ્રણામ કરું છું અને ૧૦૦ પ્રણામ નિયમિત કરું છું. ૧૦૦ પ્રણામ વગર દૂધ નથી પીતો, હે મા, આ નિયમ મને કાયમ પળાવજો.

હે મા, અત્યારે હું તમને ખૂબ જ યાદ કરું છું. સન (Sun)



ભગવાનને અને પવનદેવને અને ટ્રીને પણ પ્રાર્થના કરું છું કે તમે માને સમાચાર આપજો કે આદિત્ય પૂ. માને ખૂબ જ યાદ કરે છે, કારણ કે ભગવાન ભગવાનને તો મળે જ. એટલે મેં સૂર્ય ભગવાનને પ્રાર્થના કરી. કાલે સ્કૂલમાં ફ્રી પિરીયડમાં પૂ. મા મને ખૂબ જ યાદ આવતાં હતાં તો પૂ. માને એક લેટર પણ લખ્યો હતો. હે મા, તમારાં જલદી જલદી દર્શન આપજો અને મારી પાસેથી ખસતાં નહીં. મારી સાથે જ રહેજો.''

સ્વર્ગારોહણમાંથી આવ્યા બાદ, મને પણ એવો વિચાર આવ્યો કે પૂ. મા આટલું બધું દાન કરે છે, તો મારે પણ બ્લડ, અનાજ, ન્હાવાનો સાબુ અને પાણી આપવું જોઇએ. અને બીજો એ પણ વિચાર આવ્યો કે પૂ. માને બાળકો ભણે તે ખૂબ જ ગમે છે. તો મારે પણ ભણવું જોઇએ. જેથી હું મોટો થઇને ડોક્ટર બનું અને મોટું દવાખાનું બંધાવું અને મફત દવા આપું.

''હે મા, હવે મને પણ અનુભવો થવા માંડ્યા છે. પપ્પા પહેલાં પૂ. મા પાસે આવવાની જલદી હા નહતા પાડતા. હવે તો પપ્પાને પણ પૂ. મા ખૂબ જ ગમે છે અને પૂ. મા પાસે આવવાની ના નથી પાડતા. હવે પપ્પા પણ ટી. વી. નથી જોતા અને પ્રભુનું પુસ્તક 'પ્રકાશના પંથે' વાંચે છે. મને પણ પૂ. માનું પુસ્તક ખૂબ જ ગમે છે. પણ મને વાંચતાં નથી આવડતું એટલે મમ્મા વાંચે છે અને હું સાંભળું છું.''

અને હવે છેલ્લે પૂ. મા હું તમને ફરીથી તમારો આભાર માનું છું, કારણ કે તમે મારું સાયકલ યાત્રીઓ કરતાં પણ વધારે સ્વાગત કર્યું છે.

અને પૂ. માને પ્રાર્થના કરું છું કે જેમ કૃષ્ણ ભગવાનને અર્જુન પ્રિય હતો તેમ હું તમારો પ્રિય બાળક બનું અને ધ્રુવ

અને પ્રહ્લાદ જેવી મારી પણ પૂ. માનામાં શ્રદ્ધા અને ભક્તિ વધે.

હું બધામાં વર્લ્ડ ચેમ્પિયન બનું. પૂ. માનો ખૂબ ખૂબ વ્હાલો, આદર્શ, ડાહ્યો બાળક બનું. પૂ. માનાં ખૂબ જ કામ કરું અને પૂ. માના કામ કરતાં કરતાં થાકી ના જઉં અને ભણવાની યાત્રા સફળ કરું.

હે મા, મને ભણવાનો ખૂબ જ કંટાળો આવે છે તો ભણવાનો કંટાળો ના આવે અને ખૂબ જ ભણું એવા આશીર્વાદ આપજો.

પૂ. માનો પ્રિયમાં પ્રિય બાળક આદિત્ય.

## તમે ભગવાન છો?

**ડો. મયૂર પંડ્યા**

કડકડતી ઠંડીના દિવસો હતા. ક્રિસમસના દિવસો હતા. છ કે સાત વર્ષનો બાળક એક સ્ટોરની બહાર ઊભો હતો. એનાં વસ્ત્રો ચીંથરેહાલ હતાં અને પગમાં કશું પણ નોહતું પહેર્યું ત્યાં જ એક સ્ત્રી આવી. બાળકને માથે વહાલથી હાથ ફેરવ્યો અને તેને સ્ટોરમાં લઇ ગઇ. એને નવા જૂતાં અને ગરમ કપડાંનો સંપૂર્ણ પહેરવેશ અપાવ્યા. બાળકના ચહેરા પર આનંદ હતો. બંને સ્ટોરની બહાર આવ્યાં. અને સ્ત્રીએ બાળકને કહ્યું, ‘હવે તું ઘેર જા અને તહેવારનો આનંદ મનાવ.’ નાના બાળકે સ્ત્રી તરફ જોઇને પૂછ્યું, ‘તમે ભગવાન છો, બહેન?’ યુવતીએ સ્મિત આપીને કહ્યું, ‘ના બેટા, હું તો માત્ર એના બાળકોમાંની એક છું.’ બાળકે કહ્યું, ‘મને થયું જ કે તમે ભગવાનનાં કોઇ સગાં જ હશો.’



# પુનઃ મોકલજો.

**–તંત્રી**

શ્રી મકરન્દભાઇ દવેના અક્ષરધામવાસી થયાના સમાચાર પૂ. મા સર્વેશ્વરીને જાણીને દુઃખ થયું. અંબાજી સ્વર્ગારોહણમાં રાતની સત્સંગની બેઠકમાં જ તેઓશ્રીને પૂ. માએ સરસ શ્રદ્ધાંજલિ ધરી.

“શ્રી મકરન્દભાઇ જેવા સરળ, સહજ સાધક, સત્સંગી, સંતકવી અને અલખના ઉપાસકની વિદાયથી ગુજરાતતો રાંક બન્યું, પણ અક્ષરધામતો ધની બની ગયું, વૈકુંઠતો વૈભવશાળી થય ગયું. તો હે મહાપુરુષ, આ ધરાને ફરી ધન્ય કરવા તમે વહેલા વહેલા આ પૃથ્વીપર આવજો. હે અક્ષરધામના અધિપતિ, અમારા એ પુણ્યાત્માને અધ્યાત્મની જ્યોતને જલતી રાખવા આ પૃથ્વીપર પુનઃ જલ્દી મોકલજો એવી પ્રાર્થના છે.”

### ★ મોક્ષપ્રાપ્તિના મુખ્ય ઉપાયો ★

ત્યજી સ્થૂળતા જો કદી, બતક અનલ નહિ થાય;
પરમાનંદ ન પામશે, દુઃખ ચિંતા નહિ જાય. ૧
જ્ઞાનકૂપની ચમત્કૃતિ, સુણ તું ચતુરસુજાણ!
તરે તે ડૂબે જગત્માં, ડૂબે તરે પ્રમાણ. ૨
ન પડ બાંધી તું તુંબડું, લે મોટો પાષાણ;
તળીએ પહોંચીશ શીઘ્ર તું, જે છે પદ નિર્વાણ. ૩
ડરી ડરી આવે દેશમાં, તે દેશી નહિ થાય;
ડર નાંખી દે ભાડમાં, તે દેશી થઇ જાય. ૪
કાપી નાંખો દોરીઓ, જે રોકે આ પાર;
છૂટું મૂકો વહાણને, ઝટ પહોંચે પર પાર. ૫

**–મહારાજ શ્રીનથુરામશર્મા**

# તમારે ભગવાન કે ભગવાનના સગાં થવું છે?

કલ્યાણ

સ્વર્ગારોહણની સત્સંગની બેઠકોમાં પૂ. શ્રી મા સરસ પ્રેરણાત્મક પ્રસંગોના પાઠ શીખવ્યા કરે છે, આજે સત્સંગની બેઠકમાં એક પ્રેરણાદાયી પ્રસંગની વાત માની બાળભક્ત મોક્ષા પાસે કરાવે છે.

વાત એમ છે કે શ્રી મયૂર પંડ્યાએ ખૂબ જ સરસ પ્રેરણાદાયી પ્રસંગ તથા 'તમે ભગવાન છો?' એ શીર્ષક નીચે લખીયે, તેનું વાંચન આજની સત્સંગસભામાં મોક્ષાએ કર્યું. બાળકની વાત માએ બાળભક્તના મુખે કહેવડાવીને એક સુંદર યોગાનુયોગ રચ્યો.

પ્રસંગકથામાં એક નિર્ધન ચીંથરેહાલ બાળકને એક સ્ત્રી પોતાની સાથે સ્ટોરમાં લઇ જઇને નવાં વસ્ત્રો પહેરાવે છે. નવા સ્વરૂપમાં પોતાની જાતે ને જોઇને, કદી સ્વપ્ને પણ ન અનુભવેલું પોતાનું નવું રૂપ જ્યારે બાળકે જોયું ત્યારે એ બાળસહજ સરળતાથી બોલી ઊઠ્યો, 'તમે ભગવાન છો?' ના બેટા, હું તો એના બાળકોમાંની એક છું. બાળકે કહ્યું, 'મને થયું જ કે તમે ભગવાનનાં કોઇ સગાં જ હશો.'

આજની આ કથાના સારને પૂ. શ્રી માએ આજે જીવંત બનાવી દીધો. મોક્ષા અને પાર્થ બંને બાળકો આજે મા પાસે બેઠાં હતાં, તેમને માએ પૂછ્યું, ''તમારે ભગવાન થવું છે?'' બંને બાળકો હા પાડે છે. પૂ. શ્રી માએ તુરત જ બાળકોને કહ્યું, 'તમારી પાસે જે કપડાં છે, તેમાંથી તમને સૌથી વધુ ગમતો એક એક ડ્રેસ તમારા જેવા કોઇ નાના બાળકને આપવો છે? બંને બાળકો હા પાડે છે તો મા કહે જાઓ લઇ આવો. બંને બાળકો દોડીને એક એક પોતાને મનગમતો ડ્રેસ લઇ આવે છે.



સ્વર્ગારોહણમાં આજકાલ રંગકામ ચાલે છે. તપાસ કરતાં જણાયું કે આ ગરીબ રંગકામ કરનારને ઘેર તેનાં નાનકડાં ભાઇબેનો હતાં કે જેમણે કોઇ દિવસ સારાં કપડાં પહેર્યાં ન હતાં. પૂ. શ્રી માએ તુરત જ મોક્ષા અને પાર્થના હસ્તે જ પોતાના જેવાં જ પણ ગરીબ બાળમિત્રોને માએ વસ્ત્રો અપાવ્યાં.

આ દાનની વાતથી મોક્ષા અને પાર્થ તો ખૂબ પ્રસન્ન થયાં પરંતુ પૂ. શ્રી માની તો પ્રસન્નતાનો પાર જ ન રહ્યો. પૂ. શ્રી માએ બંને બાળકોને કહ્યું, 'તમે બંને ભગવાન છો, માટે તમને બંનેને વંદન કરે છે.'

આજના સત્સંગમાં પૂ. શ્રી માએ જાણે ભગવાનનો સાક્ષાત્કાર કરાવ્યો! ભગવાન ક્યાં રહેલા છે? કેવી ઉદારદાન પ્રવૃત્તિમાં ભગવાન છૂપાયેલા છે, તેનું બાળકોને ને મોટાઓને ભાન કરાવ્યું.

આ સંસ્કારબીજની વાવણી પૂ. શ્રી મા અહીં સ્વર્ગારોહણની ધરતીમાં કર્યા કરે છે. અને આવા સત્કર્મોનો ફાલથી જ્યારે આ ધરતી લ્હેરાઇ ઊઠે છે ત્યારે માની પ્રસન્નતાનો પાર રહેતો નથી.

સ્વર્ગારોહણની ધરતીને, તેનાં સત્કર્મોને અને તેના સર્જનહારને પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

○